# ચોવીસ ગુરુની ગીતા

૧/૫૭ ૦.૧૬.૦૧ સમીપ સ્વાદીયા

અ.૫૧

ધન દારા સુત સહ અમે, રહીએ જગમાં એમ;
તોએ સડીએ દુઃખમાં!, તારૂં અવળું કેમ? ૮૦.

ચોવીસ ગુરુથી જ્ઞાન જે, પામ્યો યત્ને તેમ;
તેથી વૃત્તિ અખંડ આ, રહે સુનિશ્ચલ એમ. ૮૫.

મનન થકી એના સ્વયં, થાય બ્રહ્મનું જ્ઞાન;
નિદિધ્યાસને તે પછી, સાક્ષાત્કાર પ્રમાણ. ૮૬.

રાજા મનુષ્યદેહ આ, ઈશે નિર્મ્યો જેહ;
કરવા વિચાર તત્વનો, જાણ નિશ્ચયે તેહ. ૮૭.

ઈતર દેહ આહાર ને, વિહારનાં સ્થળ જાણ;
ઈશ્વરપ્રાપ્તિ ના તહીં, સુલભ અત્ર એ માન. ૮૮.

માનવતનુ પ્રજ્ઞાનનું, એકમેવ સ્થળ તેમ;
માટે પામી રત્ન એ, કરવો પ્રયત્ન એમ. ૮૯.

સાધી શમદમ ખંતથી, સદ્‌ગુરુ શરણે જાણ
જઈ સતત વેદાન્તનું, કરવું શ્રવણ સુજાણ. ૯૦.

મનનાદિક યુક્તિ થકી, થતાં જ્ઞાન દૃઢ એહ;
ટળે કલેશ જન્મો તણા, એમાં ના સંદેહ. ૯૧.

જેથી ચિત્તાદિક બધાં, થાય પ્રકાશિત એમ,
તે જ બ્રહ્મ દૃઢ જાણતાં, થાય મુક્ત નર તેમ. ૯૨.

અનાત્મ વસ્તુ જેટલી, હેય[1] સર્વ તું જાણ;
ઉપાદેય[2] આત્મા નકી, એક બ્રહ્મ તું માન. ૯૩.

મ્યુઝીક

ત્યાગી મનથી હેય જે, ઉપાદેય ગ્રહી તેમ;
સૂક્ષ્મ દૃષ્ટિથી શોધતાં, થાય જ્ઞાન તે એમ. ૯૪.

જગમાં મિશ્ર બધું નકી, સદ્‌ગુણદુર્ગુણયુક્ત;
ત્યાગી દુર્ગુણ સદ્‌ગુણે, ઠરતાં થાએ મુક્ત. ૯૫.

દેહાધ્યાસ વધારીને, વિષય કીચડે જેહ
પાડે તે દુર્ગુણ નકી, એમાં ના સંદેહ. ૯૬.

કરે વૃદ્ધિ વૈરાગ્યની, સદ્‌ગુણ તેજ સુજાણ;
ના જાણી અજ્ઞાનીએ, પડે મોહમાં માન. ૯૭.

છોડી સદ્વર્તન પડે, વિષયકૂપમાં એમ,
પશુસમાન એ જાણવા;, ભક્ષે તૃણ ના તેમ. ૯૮.

મહાભાગ્ય એ પશુ તણું, નિશ્ચય ભૂપ સુજાણ;
એક દૃષ્ટિથી પશુથીએ, અધમાધમ એ માન! ૯૯.

પશુઓ તૃણસંગ્રહ કદિ, કરે ન સ્વપ્ને તેમ;
પેટ પૂરતું ખાઈને, રહે સંતુષ્ટ એમ. ૧૦૦.

માણસ સંગ્રહમાં મરે;, ભાવિ ચિંતથી જાણ;
ખાય ન પોતે અન્યને, ના ખાવા દે માન. ૧૦૧.

કાલાધીન શરીર આ;, તોએ મોહે એમ
માની એને અમર હા, રમે સંગ્રહે તેમ! ૧૦૨.

ઋતુગામી પશુઓ નકી, લહે ન નર સંતોષ;
અલ્પનિદ્ર પશુઓ અહા!, માણસ નિદ્રાકોશ!![3] ૧૦૩.

મ્યુઝીક

દેહ તણું પણ ભાન એ, ભૂલી ઊંઘે એમ;
કૃતઘ્ન નર પશુઓ નકી, આજ્ઞાપાલક તેમ; ૧૦૪.

કરતાં તુલના એહવી, હીન મનુષ્ય પ્રમાણ;
માટે શ્રુતિ ‘‘પશુનો પશુ’’, વદે મૂઢને માન ! ૧૦૫.

શું મૂર્ખત્વ મનુષ્યનું!, અલ્પ મૂલ્યનું જેહ,
ઘૃતદુગ્ધાદિક જો ઢળે, માને હાનિતેહ. ૧૦૬.

થાએ વિહ્વળ ખેદથી!, જાણે મૂઢ ન તેમ;
અમૂલ્ય આયુષ્ વ્યર્થ આ, જાય વહી ઝટ એમ! ૧૦૭.

મહાહાનિની કલ્પના, નાવે કદિ એ જાણ;
છતાં કાન સૂણે નહીં, વેદઘંટ એ માન!! ૧૦૮.

સ્વપ્ને પણ જેનો કદિ, કરવો સંગ ન એમ,
કહે વેદ એવું નકી;, તે વિષયો ગમ તેમ. ૧૦૯.

દોડી લોલુપ શ્વાનવત્, થાએ ખુવાર જાણ;
માટે સુજ્ઞે જાણીને, થાવું જાગ્રત્ માન. ૧૧૦.

પામી નરતનુ ચિત્તમાં, રાખી વિવેક એમ;
ત્યાગી વિષયો ઈશની, કરવી પ્રાપ્તિ તેમ. ૧૧૧.

પામી તત્ત્વજ્ઞાન એ, ચોવીસ ગુરુથી જાણ;
એકાકી નિર્ભય સદા, રહું સ્વાત્મરત માન. ૧૧૨.

**પૃથ્વી વાયુ નભ અને, ઉદક અગ્નિ પણ તેમ,**
**ચંદ્ર સૂર્ય કપોત ને, અજગર સમુદ્ર એમ; ૧૧૩.**

મ્યુઝીક



૧. ત્યજવા યોગ્ય ૨. ગ્રહણ કરવા ૩. ઊંઘનો ભંડાર

**પતંગ ભૃંગ માતંગ[1] ને, હરિણ માછલું જાણ,**
**મધુહા[2] વેશ્યા પિંગલા, બાલ ટિટોડી માન; ૧૧૪.**

**કુમારીકંકણ સર્પ ને, બાણકાર પણ તેમ,**
**કરોળિયો ભમરી મળી, ચોવીસ ગુરુ એ એમ. ૧૧૫.**

થોડું થોડું સર્વથી, કરી એકઠું જ્ઞાન;
નિર્મી જ્ઞાનાર્ણવ સ્વયં, કર્યું તેહમાં સ્નાન. ૧૧૬.

ધોઈ સઘળું દુરિત ત્યાં, થયો શાન્ત હું એમ;
રહું સદા આનંદમાં, કેવળ નિર્ભય તેમ. ૧૧૭.

થયો જ્ઞાનમય જ્ઞાનમાં, ન્હાઈ એમ સુજાણ;
જને વને નિર્લેપ હું, રહું અગ્નિવત્ માન. ૧૧૮.

નિજરંગે રંગાઈને, રહ્યો પડી હું એમ;
સુખદુઃખોનું સ્ફુરણ ના, ભાસે મુજમાં તેમ. ૧૧૯.

નિત્ય શુદ્ધ સુબુદ્ધ હું, યોગયુક્ત તું જાણ;
પરિત્યક્ત સર્વાર્થ હું, નિત્યમુક્ત તું માન. ૧૨૦.

શ્રદ્ધાભાવે સેવતાં, એક જ ગુરુને એહ,
પામે આત્મજ્ઞાન ત્યાં, ચોવીસ ગુરુ કાં તેહ? ૧૨૨.

સાંભળ ભૂપ કહું તિહાંઃ-, પરમાર્થાર્થે[3] જાણ,
એક જ ગુરુને નિશ્ચયે, જાવું શરણ પ્રમાણ. ૧૨૪.

આપે ગુરુ ઉપદેશ જે, થાતા શંકા ત્યાંય;
કરવો વિવેક અંતરે, નિજ બુદ્ધિથી રાય! ૧૨૫.

મ્યુઝીક

વેદાન્તાધારે તિહાં, કરવો તર્ક સુજાણ;
જેથી સંશય ના રહે, થાય સ્વાત્મનું ભાન. ૧૨૬.

કરવા એવા તર્ક જો, કરવા દ્વૈતે તેમ;
બ્રહ્માદ્વૈતે તર્કને, ના અવસર નૃપ એમ. ૧૨૭.

માટે તે તે વસ્તુના, સ્વબુદ્ધિથી જાણ,
લેવા ગુણ હે ભૂપતે!, જ્ઞાન દાઢર્યાર્થ[4] માન. ૧૨૮.

શોધી દ્વૈતે દાખલા, થાવું સુસ્થિર એમ;
ચોવીસ ગુરુથી મેં તથા, લઈ સાર ગુણ તેમ. ૧૨૯.

શંકાઓ મનની બધી, કરી નિર્મૂળ જાણ;
સ્વસ્વરૂપનિશ્ચય કરી, થયો શાન્ત હું માન. ૧૩૦.

જેથી સચ્ચિત્સુખ તણો, થયો પૂર્ણ આ લાભ;
બ્રહ્મરૂપે બ્રહ્મે રમું, લહી દશ્ય આ ખ્વાબ! ૧૩૧.

બ્રહ્મજ્ઞાન વિશુદ્ધ એ, એકાએક સુજાણ,
થાય બુદ્ધિથી ગ્રહણ ના;, માટે એમ પ્રમાણ. ૧૩૨.

દૃષ્ટાંતાન્તર શોધીને, તે તે પદાર્થ માંહ્ય,
ચોવીસ વસ્તુના ગુણો, માન્યા ગુરુવત્ ત્યાંય. ૧૩૩.

ના વ્યભિચાર તિહાં નકી, શોધકબુદ્ધિ એહ;
સાર શોધવો સર્વથી, જાણ સુજ્ઞતા તેહ! ૧૩૪.

**સાર સર્વ વેદાન્તનો, જાણ નિરંજન એહ;**
**કહે અલખ પુણ્યે પડે, રંગ કાન પર તેહ! ૧૩૬.**

મ્યુઝીક

**અ.પર**

**(૧) પૃથ્વી (વૃક્ષ) - સહનશીલતા**

જાવા ઉપર સીડીની, આવશ્યકતા જાણ;
તેમ મુમુક્ષુને નકી, સહનશીલતા માન. ૪.

શીખ્યો હું એ ભૂમિથી;, વર્તે પૃથ્વી તેમ,
[5]સ્વપ્રાક્તનનો અંતરે, સુવિચાર કરી એમ. ૫.

પ્રાણિમાત્ર ભૂતલ વિષે, મલમૂત્રાદિક જાણ
ફેંકે થૂંકે તોય એ, કરે ક્રોધ ના માન. ૬.

દૈવે સઘળું આ બને;, આપું કોને દોષ?
એમ વિચારી અંતરે, રહે રાખી સંતોષ! ૭.

રાખ્યાં મુજ પર પ્રાણીઓ, સ્વયં ઈશ્વરે એમ;
અન્યાધાર મળે નહી!, જાય કંઈ એ તેમ? ૮.

પ્રાણીમાત્રનું હું નકી, નિર્મ્યું જીવન જાણ;
માટે ખોદી ખેડી એ, કરે ધાન્ય નિર્માણ. ૯.

[6]ભર્જન વા કોઈ કરે, ખોદે વાવ તલાવ;
ફલપુષ્પાદિ લે સ્વયં, કરૂં કેમ અટકાવ? ૧૦.

સ્વકાર્યાર્થે ચાલતાં, છૂંદે પગથી જાણ;
કહું એમ તો જાય ક્યાં?, સહુ સર્વ હું માન. ૧૧.

માતા હું સહુની ધરા[7]!, લાવું મનમાં કેમ,
સ્વચ્છંદે રમતાં અહા, પ્રાણીમાત્ર આ તેમ? ૧૪.

એમ વિચારી અંતરે;, રહે સ્વસ્થ ભૂ જાણ;
સહનશીલતા પૃથ્વીથી, શીખ્યો હું એ માન. ૧૫.

મ્યુઝીક

**૧/૫૮ ૦.૧૧.૦૧ અમીપ પ્રજાપતિ, હર્ષ પટેલ**

રાખી દૃષ્ટિ ધ્યેયમાં, મુમુક્ષુએ પણ એમ;
ગ્રહી ક્ષમા ચિત્તે સદા, કરવો ક્રોધ ન તેમ. ૧૬.

૧. હાથી ૨. મધમાખી ૩. મોક્ષાર્થે ૪. જ્ઞાન દૃઢ કરવા માટે ૫. પૂર્વ કર્મ ૬. બાળવું ૭. પૃથ્વી

શાસ્ત્ર સકળ એવું કથે, રક્ષે ધર્મ સુજાણ;
રાખી ધીરજ અંતરે, સહી માન અપમાન. ૧૭.

કઠણ શબ્દ કોઈ કહે, કાઢે આંખો એમ,
મારે અપમાને યદિ, બોલે કુશબ્દ તેમ; ૧૮.

થૂંકે દેહે દ્વેષથી, મારે પથ્થર જાણ,
હણે લાત યષ્ટિ[1] થકી, હરે વિત્ત[2] વા માન; ૧૯.

તો એ મુમુક્ષુએ કદિ, ચિત્તે વિષાદ તેમ;
સ્વપ્ને પણ ના આણવો, જાણી પ્રારબ્ધ એમ. ૨૦.

ત્રિવિધ જાણ પ્રારબ્ધ આ, સ્વેચ્છા પ્રથમ સુજાણ;
દ્વિતીય પરેચ્છા જાણ તું, ત્રીજું અનિચ્છા માન. ૨૧.

વૈદ્યે ઓસડ આપીને, કીધું સુપથ્ય જેમ,
ના પાળ્યું તે જાણીને, વધ્યું દુઃખ જે એમ. ૨૨.

સ્વેચ્છા, એજ કહ્યું નકી, પ્રથમ પ્રારબ્ધ જાણ,
બીજું પરેચ્છા અન્યથી, થાય દુઃખ જે માન. ૨૩.

માફક ના નિજ જઠરને, તો એ બીજા એમ
માની ઉત્તમ વસ્તુ જે, બળે ખવાડે તેમ; ૨૪.

અથવા અતિથિ અન્યના, થાતા વિધવિધ ભોગ
આવી મળતાં થાય જે, દુઃખ શોક કે રોગ; ૨૫.

મ્યુઝીક

અન્યેચ્છા પ્રારબ્ધ એ!, કહું અનિચ્છા તેમ;
કરતાં સારૂં દૈવથી, થાએ વિરુદ્ધ એમ. ૨૬.

તેથી શોકાદિક હૃદે, થાય અનિચ્છા એહ,
ત્યજી પ્રથમ બે સાધકે, સ્હેવું ત્રીજું તેહ. ૨૭.

જાણી નશ્વર દેહને, પ્રારબ્ધાધીન તેમ;
કરી, સ્વયં સાક્ષી થઈ, રહેવું અલિપ્ત એમ. ૨૮.

સુખદુઃખાદિ ના પછી, સ્પર્શે તેને જાણ;
રહે વૃત્તિ આનંદમાં, સદા સર્વદા માન. ૨૯.

ઘોંચે કંટક દેહમાં, કરવો ક્રોધ ન તેમ;
પૂજે ચંદનપુષ્પથી, તોએ હર્ષ ન એમ! ૩૦.

કહે સાધુ કોઈ ભલે, કોઈ દુષ્ટ પ્રમાણ;
કોઈ મુરખ સુજ્ઞ કો, ક્ષમા રાખવી જાણ. ૩૧.

દુષ્કર વસ્તુ જે નકી, નાના યત્ને એમ,
થાય ક્ષમાથી સુલભ એ;, મા શંકા કર તેમ. ૩૨.

વસે ક્ષમા જેને ઉરે, તેને જગમાં ક્યાંય,
વેરી કોઈ ના રહે, ક્રોધે નર પછડાય. ૩૩.

અંધકાર સમ ક્રોધ એ, પાડે નિશ્ચય એહ;
ક્ષમા સૂર્યસમ જાણ તું, તારે આખર તેહ. ૩૪.

માની ઉપગુરુ વૃક્ષ મેં, ત્યજી સર્વ અભિમાન;
લીધો બોધ અગાધ જે, સાંભળ ભૂપ સુજાણઃ- ૩૫.

મ્યુઝીક

પામી માનવદેહ આ, કરવો પરોપકાર;
વદે વૃક્ષ મૂગાં ન શું, તત્ત્વ એહ નિર્ધાર? ૩૬.

થઈ તમોગુણવશ નકી, નરનારી જે જાણ,
અસત્ય કર્મો આચરે, થાય વૃક્ષ તે માન! ૩૭.

નિજ અભિમાનતણું અહા, દારુણ ફળ એ એમ,
ખડાં રહી આ જન્મ શું, ભોગવે ન નૃપ તેમ? ૩૮.

પરાધીન પોતે સદા, તોએ પ્રસન્ન આમ;
પરોપકારે પૂર્વનું, ધૂએ પાપ તમામ! ૩૯.

પશુપંખીને આશરો, આપે નિશ્ચય તેમ;
આપી છાયા પથિકને[3], કરે સંતુષ્ટ એમ. ૪૦.

શીત ઉષ્ણ વર્ષા સહી, સ્વયં નિરાશ્રય જાણ;
રક્ષે આશ્રિતને અહા, આદેહાંત[4] સુજાણ! ૪૧.

પર્ણ પુષ્પ ફળ અર્પીને, પોષે જીવો એમ;
તો એ નિષ્ઠુર માનવો, તોડે એને તેમ! ૪૨.

તોડે કોઈ ડાળીઓ, કોઈ પુષ્પ ફળ જાણ;
કોઈ ઉખેડી મૂળથી, આપે દુઃખ મહાન. ૪૩.

કોઈ દુગ્ધાદિકમિષે,[5] છૂંદે શસ્ત્રો તેમ;
કોઈ કાપી છાલને, કાઢે અધવચ એમ. ૪૪.

યોજે ગૃહકાર્યો મહીં, છોલી વ્હેરી જાણ;
પાકાદિકમાં ઈંધણાં કરે, એહનાં માન. ૪૫.

મ્યુઝીક

શીતકાલમાં સર્વનું, શીત નિવારે તેમ;
મરી જતાં શવ બાળીને, સેવે આખર એમ! ૪૬.

થતાં રાખ પણ એહને, ના છોડે નર જાણ;
નાંખી ખાતર ખેતમાં, લે ઉત્તમ ફળ માન!! ૪૭.

માને દુઃખ ન તોય એ, સાધે પરાર્થ એમ;
જીવતે મૂએ ધન્ય એ, વૃક્ષ સાધુવર તેમ! ૪૮.



૧. લાકડી ૨. દ્રવ્ય, પૈસા ૩. વટેમાર્ગુ, મુસાફર ૪. મરતાં સુધી ૫. દૂધ વગેરે લેવા માટે

તેમ મુમુક્ષુએ નકી, સહી દુઃખ સહુ જાણ,
પરોપકારે દેહ આ, કરવો ક્ષીણ સુજાણ. ૪૯.

દે વિશ્રાંતિ પથિકને, સહી સર્વ તરુ જેમ;
તેમ ગૃહસ્થે અતિથિને, દેવો આશ્રય એમ. ૫૦.

યથાશક્તિ અન્નાદિથી, પ્રેમપુરસ્સર જાણ;
કરવો સુતૃપ્ત આવતાં, દ્વારે અતિથિ માન. ૫૧.

આપી આશ્વાસન મુદા, કરી યોગ્ય સન્માન;
ભૂખ પ્યાસ માર્ગસ્થની[1], હરવી નિશ્ચય જાણ. ૫૨.

દૈવે સંપત્તિ મળે, થાવું તોય ન મસ્ત;
ફલપુષ્પોથી જો નમે, તરુવર અધિક સ્પષ્ટ! ૫૩.

તેમ સંપદા આવતાં, થાવું નમ્ર સુજાણ;
હાથ અધિક લંબાવવો, પરોપકારે માન. ૫૪.

સંપત્તિનો મદ નકી, દુર્ધર કેવળ એમ;
પાડી નાના ફંદમાં, પછી રડાવે તેમ. ૫૫.

મ્યુઝીક

સદા નમીને ચાલવું, સંપત્તિમાં જાણ;
શીખ્યો હું તરુ પાસથી, તત્ત્વ એહ તું માન. ૫૬.

નૂતન મૂળી તરુ તણી, જોઈ સુનમ્ર તેમ;
પ્રસ્તર[2] પણ આપે અહા, એને પ્રવેશ એમ. ૫૭.

ધીમે ધીમે કોટને, કિલ્લામાં પણ જાણ,
ફોડી દિવાલો ધસે, રોકે કોઈ ન માન. ૫૮.

થાય સ્વયં વિસ્તીર્ણ ત્યાં, રમ્ય વૃક્ષ એ જેમ,
જાણ અંતરે માનવે, રાખી મૃદુતા તેમ; ૫૯.

નિષ્કપટે જગમાં બધે, સદા વર્તતાં જાણ,
બ્રહ્માંડે કોઈ નહીં, એનો શત્રુ માન. ૬૦.

પૂજે સઘળા એહને;, જાણ તપસ્વી એહ;
થાય બ્રહ્મવેત્તા નકી;, તારે જગને તેહ! ૬૧.

વૃક્ષ તણી મૂળી થકી, લીધો આ મેં બોધ;
સૂણ શૈલથી[3] જે શીખ્યો, કરી બુદ્ધિથી શોધ. ૬૨.

પર્વત પૃથ્વી ઉદરમાં, ધનરત્નાદિક સાર
રાખે સંગ્રહી; જે થકી, થાય અમિત ઉપકાર. ૬૩.

તેમ પ્રયત્ને માણસે, વિદ્યારત્ન મહાન્,
કરી પ્રાપ્ત અધિકારીને, કરવું અર્પણ જાણ. ૬૪.

ઉષ્ણકાલમાં ગિરિવરો, શીત ઝરણથી એમ,
ઉષ્ણતપ્ત મનુષ્યને, આપે ઠંડક જેમ; ૬૫.

મ્યુઝીક

તેમ ભૂપ મુમુક્ષુએ, મધુર ભાષણે જાણ
તાપત્રયસંતપ્તને[4], શાન્તિ આપવી માન. ૬૬.

ગુહા વિવિધ નિજ દેહમાં, રાખે પર્વત એમ,
જેથી યોગિજન આવીને, લે આશ્રય ત્યાં જેમ; ૬૭.

તેમ માણસે સંતને, દેવો આશ્રય જાણ,
સત્સંગતિથી નિશ્ચયે, થાએ શ્રેય સુજાણ! ૬૮.

કંદમૂલાદિ જોઈને, આકર્ષાએ જેમ
સંતસાધુઓ પર્વતે;, જાણ યત્નથી તેમ. ૬૯.

રાખી સદ્ગુણ અંતરે, રહેતાં નિત્ય સુજાણ;
આવે સંતો ઢૂંઢતા, થાએ લાભ મહાન્! ૭૦.

અસાર આ સંસારમાં, એકમેવ એ સાર;
થાય સંગ જો સંતનો, ટળે તો જ યમદ્વાર. ૭૧.

એમ કરી બુદ્ધિ થકી, ઉપગુરુ પર્વત જાણ;
લીધો સુબોધ અંતરે, યયાતિસુત તું માન. ૭૨.

પર્વતતરુનો પૃથ્વીથી, કર્યો જ્ઞાનાર્થ ભેદ;
બોધે મૂક ક્ષમા અહા!, ટળે જે થકી ખેદ. ૭૩.

**(૨) વાયુ :- નિર્લેપ (અનાશક્ત)**

બીજો ગુરુ વાયુ નકી, વ્યાપક તોએ જેમ
રહે નિર્લેપ સર્વથા, વર્તે મુમુક્ષુ તેમ. ૭૪.

કેવળ વિરક્ત અંતરે, વાયુ જેમ સુજાણ;
તેમ વર્તતાં વિષયમાં, થાએ લિપ્ત ન માન. ૭૫.

મ્યુઝીક

વિણ વૈરાગ્ય, ક્ષમા અને, વ્યર્થ તિતિક્ષા તેમ;
ભોગે ભંગે યોગ ને પડે મુમુક્ષુ એમ. ૭૬.

બ્રહ્માનંદસ્વાદ વિણ, ચહે ન અન્ય સ્વાદ;
મિષ્ટામિષ્ટે સકત ના, થાવું ભૂપ સુજાત! ૭૭.

ટકે પ્રાણ જેથી સુખે ખાવું તેટલું અન્ન;
પ્રાણવાયુથી બોધ એ લીધો જાણ પ્રસન્ન. ૭૮.

વિના અન્ન દેહેન્દ્રિયો, થાએ શિથિલ સુજાણ;
થાય તૃપ્ત આહારથી, ના સ્વાદથી માન. ૭૯.

૧. વટેમાર્ગુ ૨. પથ્થર ૩. પર્વત ૪. આધિ, વ્યાધિ ને ઉપાધિના ત્રિવિધ તાપથી પીડાતાને

રસાસ્વાદની પ્રાણને, નહીં અપેક્ષા એમ;
યથાપ્રાપ્ત અન્નથી, થાય તૃપ્ત એ તેમ. ૮૦.

આ મિષ્ટ કદન્ન આ, આ નીરસ પ્રમાણ;
એમ અન્નરુચિ લાલસા, કરે પ્રાણ ના જાણ. ૮૧.

તેમ દૈવયોગે મળે, જેવું જેટલું અન્ન,
તેવું તેટલું ખાઈને, રહેવું સદા પ્રસન્ન. ૮૨.

રાખી દૃષ્ટિ ધ્યેયમાં, મિતાહારથી એમ
કરવી અખંડ સાધના, જીતી અન્નરસ તેમ. ૮૩.

ખટપટની બીકે તથા, કરવો ત્યાગ ન જાણ
મુમુક્ષુએ આહારનો, હઠે કદાપિ માન. ૮૪.

આવે ગ્લાનિ દેહમાં, રહે ચિત્ત ના સ્થિર;
થાએ વિકાર વાણીમાં, અન્ન ત્યાગતાં ધીર! ૮૫.

મ્યુઝીક

ભંગે સાધન, જ્ઞાનનો, થાએ સત્વર નાશ;
ઈશ્વર પ્રાપ્તિ ના કદિ, થાય એહને ખાસ. ૮૬.

શય્યા પર આળોટતાં, મળે મુક્તિ ના તેમ;
લોહીનું પાણી કરે, થાય મુક્ત નર એમ; ૮૭.

ચાવે લોઢાના ચણા, તેજ મુક્તિપદ તેહ
દેખે કષ્ટે આખરે;, ના એદી ખર એહ! ૮૮.

મુક્તીચ્છા ઉરમાં વસે, તેણે નિશ્ચય એમ,
યોગ્યાહારવિહારથી, કરવો સુયત્ન તેમ. ૮૯.

સ્વાદમાત્ર છોડે સદા, અત્યાહાર પ્રમાણ;
નહિ તો ચિત્ત ઠરે નહીં, થાએ ધ્યાન ન માન. ૯૦.

સ્વાદિષ્ટાન્ને સર્વથા, બહ્વાહારે[1] તેમ,
થાય ચિત્ત વિક્ષિપ્ત ને, આવે સુસ્તી એમ. ૯૧.

નાના રસ જાણે અહા, રસના[2] અડિયલ એહ;
પાછળ એની દોડતાં, પડે મુમુક્ષુ તેહ. ૯૨.

રસાસ્વાદથી ઈન્દ્રિયો, બ્હેકે નિશ્ચય જાણ
પડ્યા કેટલા ચક્કરે, જિહ્વાલૌલ્યે માન! ૯૩.

જીત્યો રસ તેણે નકી, જીત્યું સઘળું એમ;
હોય સુજ્ઞ કે અજ્ઞ પણ;, સ્વયં ઈશ એ તેમ. ૯૪.

એકાએક બને નહીં, વિષયત્યાગ સુજાણ;
શનૈઃ શનૈઃ કરવો ઘટે, થતાં વિરતિ[3] દઢ માન. ૯૫.

મ્યુઝીક

હોય ન ઈચ્છા ચિત્તમાં, તોયે દૈવે એમ,
આવી મળતાં ભોગ ત્યાં, થાવું લિપ્ત ન તેમ. ૯૬.

શીખ્યો હું એ વાયુથી, અનાસક્તિ ગુણ જાણ;
પ્રાપ્તાપ્રાપ્તે ભોગમાં;, થાવું બદ્ધ ન માન. ૯૭.

શીતોષ્ણાદિ પ્રદેશમાં, દૈવે મારુત[4] જેમ,
ફરે તોયે ગુણદોષને, ના સ્પર્શે કદિ તેમ; ૯૮.

રહેવું મુમુક્ષુએ નકી, અલિપ્ત સઘળે જાણ;
ગુણદોષો જોયા વિના, ફરવું અસંગ માન. ૯૯.

શ્રુતિમાર્ગે વર્તી સદા, અનાસક્ત નર એમ;
રહે નિર્દોષ વાયુવત્, થાએ બદ્ધ ન તેમ. ૧૦૦.

ગંધાદિક આશ્રય કરી, રહે વાત તું જાણ;
તોએ અલિપ્ત સર્વથા, તેમ મુમુક્ષુ માન. ૧૦૧.

અશાશ્વત જાણી બધું, કેવળ સાક્ષી જેમ
રહે દેહમાં દેહથી, જાણી ન્યારો એમ. ૧૦૨.

દેહાહંતા ના કદિ, પાસ આવવા જાણ,
દેવી નિશ્ચયજ્ઞાનથી, રહેવું ઉદાસ[5] માન. ૧૦૩.

કારણ વિણ કાર્યો નકી, બને ન કદિએ તેમ;
વિકલ્પકારણ જાણ તું, પ્રમાદ નિશ્ચય એમ. ૧૦૪.

માટે ત્યાગી એહને, સર્વ પ્રયત્ને જાણ;
રાખે અખંડ અંતરે, સ્વરૂપાનુસંધાન. ૧૦૫.

મ્યુઝીક

તાર ન તૂટે વૃત્તિનો;, વધતાં વધતાં એમ,
બ્રહ્માકાર બધું દિસે;, નાસે ભ્રાન્તિ તેમ. ૧૦૬.

અંતર્બાહ્ય વાયુ થકી, શીખ્યો હું આ જાણ;
છોડી રસાસક્તિ રહું, સદા નિર્લેપ માન. ૧૦૭.

**(૩) આકાશ :- નિર્વિકાર (વ્યાપક)**

ચરાચરે વ્યાપી રહ્યો, આત્મા અખંડ એક,
નિર્વિકાર નિશ્ચલ સદા;, શીખ્યો નભથી છેક. ૧૦૮.

ન્હાના મોટા ઘટમઠે, તેમજ બહાર સુજાણ!
વ્યાપી સઘળે એક આ, રહ્યું વ્યોમ તું જાણ. ૧૦૯.

નાના દેહે તેમ આ, વ્યાપક આત્મા એમ
રહ્યો બહાર પણ; ઠામ ના, એ વિણ ઠાલું તેમ. ૧૧૦.



૧. અતિ આહાર ૨. જીભ ૩. વૈરાગ્ય ૪. પવન, વાયુ ૫. તટસ્થ, અસંગ

ભાસે ઉપાધિ યોગથી, ગુણમય એ તું જાણ;
નાના રંગે એક એ, જોતાં યથાર્થ માન. ૧૧૧.

સાક્ષિભૂત નિઃસંગ એ, વ્યાપક સઘળે એમ;
ના જડ દુઃખાત્મા નકી, સચ્ચિત્સુખ એ તેમ. ૧૧૨.

તોએ અજ્ઞાને તથા, ભાસે એમ ન જાણ;
માટે નાના યુક્તિથી, કરવો નિશ્ચય માન. ૧૧૩.

વિવિધ દેહ જે દશ્ય આ, તત્કારણ ત્રણ તેમ;
કાલ કર્મ ને ગુણ નકી, જાણ ભૂપ તું એમ. ૧૧૪.

ત્રણેનો એ જ્યાં સુધી, એક સંબંધ જાણ;
ભેદ ત્યાં સુધી આ દિસે ઉપાધિભેદે માન. ૧૧૫.

મ્યુઝીક

પ્રવાહ આ સંસારનો, ના જાણે જે તેમ,
જન્યમૃત્યુના ચક્રમાં, પડે અવ્યાહત[૧] એમ. ૧૧૭.

કરે ક્ષોભ જે ગુણ તણો, કાળ તેજ તું જાણ;
નિમિત્ત જન્મતણું કહ્યું, કર્મ નિશ્ચયે માન. ૧૧૮.

ત્રિવિધ ભેદ ગુણના નકી, સત્ત્વ રજસ ને તમ;
જાણ જગતનું એજ તું, ઉપાદાન પરમ. ૧૧૯.

ઈશ્વરસત્તાત્મક અહા, માયા એજ સુજાણ;
આદિ અંતમાં ના દિસે, ભાસે મધ્યે માન. ૧૨૦.

કાલકર્મગુણવશ નકી, દેહ સર્વ આ તેમ;
ભાસે મિથ્યા મધ્યમાં, માટે નશ્વર એમ. ૧૨૧.

પડતાં છૂટા કાળ ને, કર્મ ગુણત્રય જાણ;
પડે દેહ આ સર્વથા, અકસ્માત તું માન. ૧૨૨.

દેહ સમસ્ત મરે ભલે, મરે ન આત્મા એમ;
મારે કોઈ ન એહને, ના કોને એ તેમ. ૧૨૩.

વ્યાપક સઘળે વ્યોમવત્, નિર્વિકાર એ જાણ;
થતાં જ્ઞાન આ તેહને, ના દ્વેષ્ટા પ્રિય માન. ૧૨૪.

એક પૂર્ણ સઘળે ભર્યો!, જન્મ મરણ ક્યાં તેમ?
ભાસે દેહાદિક વૃથા, વ્યોમે મલવત્ એમ! ૧૨૫.

દેહમાત્ર આ જેટલા, સઘળા વિકાર તેહ,
અગ્નિ અન્નને જળ તણા;, એમાં ના સંદેહ. ૧૨૬.

મ્યુઝીક

વાયુવેગથી વાદળાં ફરે, વ્યોમમાં જેમ;
જાણ દેહ આત્મા વિષે, કેવળ કલ્પિત તેમ. ૧૨૭.

મેઘ તણો સંસર્ગ ના, વ્યોમે લેશ સુજાણ;
તેમ દેહસંબંધથી, આત્મા અલિપ્ત માન. ૧૨૮.

સર્વ દેહમાં એક એ, આત્મા અક્ષર[૨] તેમ;
સર્વનિયંતા જાણ તું, ચેતન મંગલ એમ. ૧૨૯.

હાલે ચાલે દેહ સહ, ભાસે એવું જાણ;
ચલનવલન એમાં નહીં, તોયે યથાર્થ માન. ૧૩૦.

ઘડો હાલતાં વ્યોમ ત્યાં, દિસે હાલતું તેમ,
તોએ નિશ્ચલ એ સદા; આત્માનું પણ એમ. ૧૩૧.

રાખ્યું સ્વોદરમાં અહા, જેણે વ્યોમ સુજાણ,
કોણ હલાવે એહને?, નિરાભાસ એ માન! ૧૩૨.

ઘડો ફૂટતાં વ્યોમ ના, ફૂટે કદિએ જેમ.
મરતાં દેહ ન એ મરે, આત્મા અક્ષય તેમ. ૧૩૩.

અજ અવ્યય અવિનાશી એ, કેવલ સ્વયંપ્રકાશ;
જાણી એવું ચિંતતા, નડે ન માયાપાશ. ૧૩૪.

સંગ ન ત્રાણે દેહનો, જેને નિશ્ચય જાણ;
પ્રત્યગ્ આત્મા બ્રહ્મ એ, એકાદ્વિતીય માન! ૧૩૫.

જાણી એવું જે રહે, મૃત્યુંજય એ તેમ!
કો એને મારી શકે, જ્યાં બીજું ના એમ? ૧૩૬.

મ્યુઝીક

તૃતીય ગુરુ આકાશથી, પામી આ વિજ્ઞાન;
દૂર કરી ભ્રમ મૃત્યુનો, નિર્ભય રહું સુજાણ! ૧૩૭.

**(૪) પાણી :- નિર્મળ - પવિત્રતા**

ચોથો ગુરુ પાણી નકી, વદે અવધૂત એમ;
અલખ કહે આગળ હવે, રંગ અલૌકિક તેમ! ૧૩૮.

**અ.૫૩**

વદે દત્તઃ- સુણ ભૂપ હે!, નિર્મલ સલિલ સમાન
રહેવું રાખી અંતરે, સ્નેહ સર્વ પર માન. ૧.

પક્ષાપક્ષીથી કદિ, થવું ન કડવું તેમ;
હળીમળીને ચાલવું, સદા સર્વથી એમ. ૨.

જ્યાં નાખે ત્યાં તેહવું, રહે થઈને આપ[૩];
તેમ મળીને વર્તતાં, નડે ન ભવદવતાપ. ૩.

૧. સતત ૨. અવિનાશી ૩. પાણી

મિષ્ટ સુધા સમ બોલવું, હિત મિત અંબુ સમાન;
પ્રાણી માત્ર પર રાખીને, સ્નેહ અંતરે માન. ૪.

સ્વચ્છ મધુર જળ જોઈને, દોડે લોકો જેમ,
જાણ મિષ્ટ ભાષણ થકી, થાય સર્વ વશ એમ. ૫.

પ્રસરે આપ સમાન એ, સઘળે જાણ સુજાણ;
તેમ આર્દ્રતાથી બધે, થાવું તન્મય માન. ૬.

સ્નાન પાન પ્રોક્ષણ થકી, આચમને પણ એમ;
દર્શનમાત્રે વા કરે, પાણી પવિત્ર તેમ. ૭.

વારિ જીવન વિશ્વનું, નિશ્ચય ભૂપ સુજાણ;
જલસાહાય્યે જન કરે, ધંધા અનેક માન. ૮.

મ્યુઝીક

ના કંટાળે તોય એ, કરે સુપાવન તેમ,
ભ્રષ્ટ જનોને સર્વથા;, સ્વયં અભ્રષ્ટ એમ, ૯.

તેમ સ્વચ્છ રહી અંતરે, યોગિજને પણ જાણ,
કરવા પાવન અન્યને, વર્તી અંબુવત્ માન. ૧૦.

દર્શન માત્રે એહના, પાપી પાવન થાય;
કરતાં સેવા ભાવથી, જન્મમરણભય જાય. ૧૧.

પાપવિમોચન તીર્થ એ, સંત નિશ્ચયે જાણ;
નદીનાવવત્ સર્વને, પાર ઉતારે માન. ૧૨.

જેમ વારિ નિજ મેલને, રાખી તળીએ તેમ,
અન્યમલક્ષાલન કરે;, યોગિજને પણ એમ. ૧૩.

મેલી મલમૂત્રાદિથી, કાયા કૂડી જાણ,
ત્યજી અહંતા તેહની, નાના યત્ને માન. ૧૪.

જ્ઞાનપ્રાપ્તિ કરી સ્વયં, સન્માર્ગે જન ને એમ,
પ્રેરી જ્ઞાનાનલ થકી, હરવા દોષો તેમ; ૧૫.

બાળી સંચિત જ્ઞાનથી, ટાળી તેમ ક્રિયમાણ,
વરી મુક્તિ વિજ્ઞાનથી, રહેવું પરાર્થ માન. ૧૬.

સોંપી તનુ પ્રારબ્ધને, નિરહંકારે એમ,
સ્વચ્છંદે વિચરી સદા, સ્વચ્છ અંબુવત્ તેમ. ૧૭.

આપી દર્શન ભક્તને, કરવા પાવન જાણ;
પ્રેરી સન્માર્ગે તથા, જ્ઞાનામૃતથી માન. ૧૮.

મ્યુઝીક

ત્યાગી ઉચ્ચ સ્થાનને, અધોભાગ માં જેમ
વહી વારિ રક્ષે સદા, શરણાગતને એમ; ૧૯.

મૂળો સહ ઉન્મત્તને, તોડી પાડે જાણ,
પોષે નમ્ર વનસ્પતિ;, તેમ વિમુક્તે માન. ૨૦.

ધનસત્તાદિક મદ થકી, અક્કડ જે જગ માંહ્ય,
ત્યાગી તેમને વેગથી, જોઈ નમ્ર સદાય. ૨૧.

દોડી જાવું ત્યાં સ્વયં;, આપી કૃપા પ્રસાદ,
હરી પાપ જ્ઞાનામૃતે, કરવા મુક્ત સુજાત! ૨૨.

નાસ્તિક પાખંડી જનો, ખંડી સમૂળ તેમ,
શરણાગતને તારવા, સદા જ્ઞાનીએ એમ. ૨૩.

એકજ સ્થાને સંચઈ, રહેતાં પાણી જાણ;
થાય યુક્ત દુર્ગંધથી;, વહેતાં નિર્મલ માન. ૨૪.

તેમ સાધુ પણ જાણ તું, માટે સુજ્ઞે એમ,
છોડી આગ્રહ સ્થાનનો, સદા વિચરવું તેમ. ૨૫.

જલ પાસેથી આ નકી, લીધું શિક્ષણ જાણ;
રહું પડી ફાવે તિહાં, તેથી નિર્ભય માન. ૨૬.

**(૫) અગ્નિ :- તપશ્ચર્યા**

અગ્નિ ગુરુ જે પાંચમો, સાંભળ તદ્ગુણ તેમ;
કરી તપશ્ચર્યા સદા, રહેવું પ્રદીપ્ત એમ. ૨૭.

સુખે મળે તે ભક્ષવું, થાવું લિપ્ત ન ક્યાંય;
ક્વચિત્ ગુપ્ત રહેવું તથા, ક્વચિત્ પ્રગટ જન માંહ્ય. ૨૮

મ્યુઝીક

હોય ગુણો જે આપણા, કરવા પ્રગટ સુજાણ
કાર્ય કારણે યોગીએ, વિના ઘોંઘાટ માન. ૨૯.

ભક્તજનોની કામના, કરવી સુપૂર્ણ તેમ;
બાળી પાપો એમનાં, સમૂળ ભૂપતિ એમ. ૩૦.

જ્યાં જ્યાં અન્નાદિક મળે, દૈવે જે જે જાણ,
સંગ્રહ ના કરતાં બધું, કરવું ખલાસ માન. ૩૧.

અગ્નિ તેજસ્વી સ્વયં, કરે અન્યને તેમ;
પાપતાપ હરી ભક્તના, આપે શાન્તિ એમ. ૩૨.

ફાવે તે ખાવા છતાં, રહે શુદ્ધતમ[1] જાણ;
ના સ્પર્શે કદિ દોષને, વર્તે સદા સમાન. ૩૩.

બાળે દોષો અન્યના, થાય ન દુષિત તેમ;
તેમ જ્ઞાની એ વર્તવું, રહી નિર્લેપ એમ. ૩૪.



૧. અત્યંત શુદ્ધ

અગ્નિ સ્વતંત્ર તોય એ, ભક્તભાવનાધીન
વર્તી, પાવન ભક્તને, કરે જોઈ યકીન[1]. ૩૫.

અગ્નિહોત્ર ના નિયમથી, અવદાનાદિક[2] એમ
દેતાં ભાવે એ વિભુ, પહોંચાડે તે તેમ. ૩૬.

તે તે દેવોને સદા, વિના વિલંબે જાણ;
પૂર્ણ કરે મનકામના, નિત્ય ભક્તની માન. ૩૭.

ભક્ષે તૃણકાષ્ઠાદિ એ, કરે ન સંગ્રહ તેમ;
કરે સર્વને આત્મસમ!, યોગિજને પણ એમ. ૩૮.

મ્યુઝીક

લૂખૂંસૂકું ખાઈને, ભાવિક જનને આમ
જોઈ સેવા તારવા, કરી પૂર્ણ મનકામ. ૩૯.

ના સંગ્રહ કરવો કદિ, સદા વર્તવું એમ;
શરણાગતને આત્મસમ, કરવા રાખી પ્રેમ. ૪૦.

નિરાકાર વ્યાપ્યો બધે, પરમાત્મા એ જાણ;
દેખાએ સાકાર જે, કાષ્ઠાગ્નિવત્ માન. ૪૧.

લાંબું પ્હોળું ગોળ વા, નાનું મોટું એમ;
તે તે કાષ્ઠે પેસીને, ભાસે અગ્નિ તેમ. ૪૨.

ન્હાનો મોટો ગોળ વા, મિથ્યા એ આકાર;
નિરાકાર તોએ તથા, ભાસે કાષ્ઠાકાર. ૪૩.

તેમજ આત્મા જાણ આ, નિરાકાર પણ તેમ
નાના દેહે પેસીને, દિસે સાકાર એમ. ૪૪.

જ્ઞાનબળે એ ત્યાગતાં, ઉપાધિ નશ્વર જાણ,
નિરાકાર પરબ્રહ્મ એ, થાય તૂર્ણ તું માન. ૪૫.

દેહમૂળ જે વાસના, બાળી જ્ઞાને તેહ;
થાય બ્રહ્મવિદ્ બ્રહ્મ એ, એમાં ના સંદેહ. ૪૬.

કાષ્ઠે પેસી કાષ્ઠવત્, ભાસે અગ્નિ જાણ;
બાળી અંતે કાષ્ઠને, કાષ્ઠાકૃતિ સહ માન. ૪૭.

થાય લીન સ્વરૂપમાં, નિરાકાર એ જેમ;
જ્ઞાનાભ્યાસે વાસના, બળતાં આત્મા તેમ. ૪૮.

મ્યુઝીક

જાણી એ અગ્નિ થકી, ત્યજી દેહઅભિમાન;
પડી રહું હું આ સ્થળે, બની બ્રહ્મમય માન. ૪૯.

ક્ષણભંગુરતા દેહની, કરવા નિશ્ચિત એમ,
અગ્નિજવાળાનો સદા, કરવો વિચાર તેમ. ૫૦.

જવાળા એકાએક એ, થાએ પ્રગટ સુજાણ;
બૂઝાએ ક્ષણમાં નકી!, તેમ દેહ આ માન. ૫૧.

અકસ્માત ભૂતો થકી, થાએ પેદા એમ.
થાય નષ્ટ ક્ષણમાં અહા!, સૂક્ષ્મ વિચારે તેમ. ૫૨.

ક્ષણભંગુરતા એહની, ઠસતાં અંતર માંહ્ય;
થાએ દૃઢ વૈરાગ્ય ને, પાર ભવાંબુધિ થાય! ૫૩.

ત્યજવું મમત્વ દેહનું, જાણી એમ સુજાણ;
રહેવું પ્રદીપ્ત અંતરે, જ્ઞાનાગ્નિથી માન. ૫૪.

શીખ્યો હું એ અગ્નિથી, પંચમ ગુરુ જે એમ;
સાંભળ છઠ્ઠો ચંદ્ર જે, કહું તદ્‌ગુણો તેમ. ૫૫.

### (૬) ચંદ્ર :- વિકારહીન

નિર્વિકાર આત્મા સ્વયં, વધે ઘટે ના જાણ;
ક્ષયવૃદ્ધયાદિ વિકાર એ, નકી દેહના માન. ૫૬.

અગ્નિરૂપ રવિ જાણ તું, તેજો મંડલ જેહ;
નક્ષત્રો સહ ચંદ્રમા, જલસ્વરૂપી તેહ. ૫૭.

થાય યોગ રવિચંદ્રનો, એક નક્ષત્ર માંહ્ય,
ચંદ્ર કલાઓ તે દિને, નષ્ટ જાણ તું થાય. ૫૮.

મ્યુઝીક

વદે અમાવાસ્યા નકી, તે દિનને જન જાણ!
વસે એક નક્ષત્રમાં, સૂર્ય તેર દિન માન. ૫૯.

દિવસ સવા બે ચંદ્ર એ, જાણ નિશ્ચયે તેમ;
ન્યુનાધિકત્વ એમની, માન ગતિ માં એમ. ૬૦.

વિષમ ગતિયોગે કરી, ન્યુનાધિકત્વ જાણ;
ભાસે ચંદ્રકલા મહીં, ક્ષય વૃદ્ધિ પણ માન. ૬૧.

પડે સૂર્ય પ્રતિબિંબ ત્યાં, ચંદ્રમંડલે એમ
પંચદશાંશ પ્રતિદિને, કલા પંચદશ તેમ. ૬૨.

વધે શુક્લપક્ષે કલા, નિત્ય એક તું જાણ;
ઘટે કૃષ્ણપક્ષે તથા, અનુભવ શાસ્ત્ર પ્રમાણ. ૬૩.

એમ તેર નક્ષત્રમાં, ફરી નિશાકર[3] તેમ
આવે સ્હામે સૂર્યની, ભૂછાયાંકિત[4] એમ. ૬૪.

પડે પૂર્ણ પ્રતિબિંબ ત્યાં, જાણ વર્તુલાકાર
શોભે શાન્ત પ્રભા અહા, એજ પૌર્ણિમા સાર! ૬૫.

૧. વિશ્વાસ, શ્રદ્ધા, નિષ્ઠા ૨. આહુતિ ૩. ચંદ્ર ૪. પૃથ્વીની છાયાવાળો

કલા પંચદશ ચંદ્રની, શુક્લપક્ષની એમ;
મળતાં સૂક્ષ્મ અમાસની, કલા સોળ એ તેમ. ૬૬.

પ્રતિપદાથી એમ એ, ફરતાં મંડલ જાણ;
ભાસે ઘટતી વિધુકલા, એક એક તું માન. ૬૭.

જાણે પંડિત આ ગતિ, સમજે મુઢ ન તેમ;
ના જાણી કારણ પડે, વૃથા મોહમાં એમ. ૬૮.

મ્યુઝીક

કેવળ કાર્ય વિલોકીને, કરે કુતર્ક અનેક;
વધે ઘટે તોએ કલા, નિર્વિકાર વિધુ છેક! ૬૯.

વધતાં કલા વધે નહીં, ઘટતાં ઘટે ન ખાસ;
વૃદ્ધિ ક્ષય એને નહીં;, વ્યર્થ એહ આભાસ! ૭૦.

તેમ જાણ આત્મા નકી, કેવળ વિકારહીન;
દેહાદિક સંબંધથી, થાએ ના કદિ દીન. ૭૧.

દેહાદિક જડ સર્વથા, આત્મા ચેતન તેમ;
દ્રષ્ટા દેહાદિક તણો, સદા અસ્પૃષ્ટ એમ. ૭૨.

દેહ સર્વ એવા યદિ, કેમ વ્યવહરે એહ?
શંકા એવી થાય તો, સાંભળ કારણ તેહ. ૭૩.

જુદુ વિધુમંડલ નકી, સૂર્ય થકી તું જાણ;
તોએ રવિસત્તા થકી, ભાસે પ્રકાશમાન. ૭૪.

હરી અન્યતમ[1] સર્વથા, આપે ઉજાસ એમ;
હોવાથી જલમય તથા, ભાસે શીતલ તેમ. ૭૫.

તેમ આત્મસત્તા થકી, ચેતનયુક્ત શરીર
સદા વ્યવહરે જાણ તું, સત્ય સર્વથા ધીર! ૭૬.

જેમ વારિ[2] વિધુમંડલે, તેમ દેહમાં જાણ
અંતઃકરણ રહ્યું નકી, ભૂતમાત્રાના માન. ૭૭.

પડે આત્મ પ્રતિબિંબ ત્યાં;, તદ્યોગે સહુ એહ,
દેહેન્દ્રિય નિજ વિષયમાં, થાએ પ્રવૃત્ત તેહ. ૭૮.

મ્યુઝીક

**અમી ઠાકોર, હર્ષ પટેલ**

આત્મા અલિપ્ત સર્વથા, સાક્ષિભૂત તું જાણ;
દેહવિકાર નડે નહીં, તેને કદિએ માન. ૭૯.

ના જન્મે ના એ મરે, કેવળ અવિચળ એમ;
ચંદ્રબોધથી એ લહી, રહું સ્વસ્થ હું તેમ. ૮૦.

**(૭) સૂર્ય :- અલિપ્ત**

રવિ સપ્તમ ગુરુ જાણ તું, સાંભળ તદ્ગુણ સાર;
આત્મસ્થિરતા જે થકી, સમજાએ નિર્ધાર. ૮૧.

ભાસે ફરતો દેહ સહ, આત્મા નિશ્ચલ એમ;
અચલ કેમ? શંકા થતાં, એવી સાંભળ તેમ. ૮૨.

વ્યાપક એ સઘળે નકી, દેહસ્થિત પણ જાણ;
ઉપાધિભેદે ભિન્ન પણ, અલિપ્ત વ્યોમ સમાન. ૮૩.

કહ્યું એમ આગળ તને, થાવા દઢ એ જ્ઞાન,
સૂર્યબિંબનો બુદ્ધિથી, કરવો વિચાર માન. ૮૪.

પાત્ર એક જળથી ભરી, પડે પ્રતિબિંબ જેમ,
તેમ સૂર્યમંડળતળે, ફેરવતાં એ એમ; ૮૫.

પાત્ર હાલતાં બિંબ એ, દિસે હાલતું જાણ,
ફરતાં ફરતું, સ્થિર થતાં, ભાસે સુસ્થિર માન. ૮૬.

જોતાં યથાર્થ દષ્ટિથી, હાલે બિંબ ન એહ;
સ્વસ્થાને સ્થિત સર્વદા, કેવળ સુસ્થિર તેહ. ૮૭.

તોએ ભાસે હાલતું, એમ વારિ સહ જાણ;
થાતાં વિકાર વારિમાં, ભાસે ત્યાં પણ માન. ૮૮.

મ્યુઝીક

જોઈ એવું બાળકો, કહે તમારિ[3] એહ
હાલે કેવો આ જુઓ!, યથાર્થ તોય ન તેહ. ૮૯.

પાત્ર મહીં કે વારિમાં, જે જે વિકાર એમ,
થાએ તેમાંનો નકી, એક ન રવિમાં તેમ. ૯૦.

ના તેમજ પ્રતિબિંબમાં!, તદ્વત્ દેહ વિકાર
નડે ન આત્માને કદિ;, સાક્ષી એ નિર્ધાર. ૯૧.

જાણી એવું અંતરે, છોડી શંકા જાણ;
રહેવું અલિપ્ત સર્વથા, સદા સૂર્યવત્ માન. ૯૨.

કરી વિચાર ભવિષ્યનો, અપાર જલસંચય
કરી, યોગ્યકાળે યથા, કરે સૂર્ય તદ્વ્યય[4]. ૯૩.

વર્ષાવી જીવન બધે, પરાર્થ માટે જાણ;
તેમ વર્તવું ભૂપ હે!, ત્યજી અહંતા માન. ૯૪.

જે જે ઉપયોગી દિસે, જગમાં તે તે તેમ,
અનાસક્તિથી સંઘરી, કેવળ પરાર્થ એમ; ૯૫.



૧. ભરેલું, પૂર્ણ ૨. સર્વનો નિયંતા, ઈશ્વર ૩. સૂર્ય ૪. તેનો ઉપયોગ

દેશ કાળ સત્પાત્રતા, જોઈ હર્ષે જાણ,
કરવો વ્યય તેનો સદા, ત્યજી સર્વ અભિમાન. ૯૬.

છોડી રાગદ્વેષને, અનાયાસથી એમ
કરી અર્થસંચય સ્વયં, રહેવું અલિપ્ત તેમ. ૯૭.

પરોપકારમાં આખરે, સર્વ વાપરી જાણ,
કરવો ખેદ ન અંતરે, રહેતાં કાંઈ ન માન. ૯૮.

મ્યુઝીક

મળે અન્ય કાળે કરી, તો એ હર્ષ ન તેમ
કરવો સુજ્ઞે સર્વથા;, રહેવું નિર્મલ એમ. ૯૯.

**(૮) કપોત :- મમતા, મોહ, આસક્તિ**

શીખ્યો હું એ સૂર્યથી!, સાંભળ તેમ સુજાણ,
કપોત[૧] ગુરુ જે આઠમો, તદ્‌ગુણ આપી ધ્યાન. ૧૦૦.

રાખી સ્ત્રીપુત્રાદિમાં, મમતા ઘેલી જેહ,
લાડ લડાવે તેમને, રડે આખરે તેહ. ૧૦૧.

માને ઈતિ કર્તવ્યતા, જીવનની જે એમ;
પડે મૃત્યુમુખમાં અહા;, કપોત સમ એ તેમ! ૧૦૨.

જાય વ્યર્થ આયુષ્ય ને, થાય ન સાધન જાણ;
દીઠું જે નજરે નકી, બોલું તેજ પ્રમાણ. ૧૦૩.

વસે અરણ્યે બાંધીને, માળો કપોત એક,
સ્વસ્ત્રી સહ આનંદથી, જાણ ભૂપ તું છેક. ૧૦૪.

પડે વિખૂટાં ના કદિ, સ્નેહે સુબુદ્ધ એમ;
હરે ફરે સાથે સદા, હર્ષે નિર્ભર[૨] તેમ. ૧૦૫.

રમે પરસ્પર પ્રેમથી, આપી ચુંબન જાણ;
મંજુલ શબ્દે દંપતી, કરે કલ્લોલ માન. ૧૦૬.

પીંછાં ઊંચાં પ્રીતથી, કરી અન્યોન્ય એમ,
આલિંગે આનંદથી, નર માદા એ તેમ. ૧૦૭.

મૃત્યુ આગળ આવશે, પડશે દેહ અજાણ;
ના જાણી એવું વૃથા, રમે વિષયમાં માન. ૧૦૮.

મ્યુઝીક

મૃત્યુંજય ઈશાન[૩] જે, સ્મરે ન તેને તેમ;
રમે હર્ષથી અંતરે, માની કૃતાર્થ એમ. ૧૦૯.

ગયાં એમ આનંદમાં, વરસ કેટલાં જાણ!
ના જાણે એ સર્વથા, લાગે ક્ષણવત્ માન! ૧૧૦.

હરે કાળ આયુષ્યને, ઘડી ઘડીથી એમ;
ભૂલી એહ કપોત એ, રહે સ્ત્ર્યાસક્ત તેમ! ૧૧૧.

ક્ષુધાતૃષા ભૂલી સદા, સ્ત્રીને પ્રસન્ન જાણ,
નાના યત્ને રાખવા, રહે સુતત્પર માન. ૧૧૨.

સંભોગાલિંગન થકી, તેમ કપોતી એહ,
બાંધી રાખે એહને, સ્નેહપાસથી તેહ. ૧૧૩.

કાળે એમ કપોતી એ, મૂકે ઈંડા જાણ;
જોઈ કપોત એ કરે, અધિક પ્રેમ તું માન. ૧૧૪.

કરી કષ્ટ અત્યંત એ, ચારો પાણી તેમ,
આણી આપી એહને, રાખે પ્રસન્ન એમ. ૧૧૫.

જુઓ ઈશ્વરી ખેલ એઃ-, ઈંડામાં જલ જાણ
હતું પ્રથમ જયાં એકલું, કાળ કર્મ ગુણ માન. ૧૧૬.

થતાં એકઠાં ત્રણ તથા, જતાં દિવસ કંઈ તેમ
જન્મ્યાં બચ્ચાં જીવતાં, ઈંડામાંથી એમ! ૧૧૭.

થયો આનંદ બેઉને, જોઈ બચ્ચાં એહ;
આલિંગે તત્ક્ષણ અહા, કપોત મોહે તેહ! ૧૧૮.

મ્યુઝીક

માને સાર્થક જન્મનું, એમ મૂઢ એ જાણ;
લાલન પાલન પ્રેમથી, કરતાં કાળે માન. ૧૧૯.

ફૂટી પાંખો એમને, લાગ્યાં ઊડવા એમ;
જોઈ કૌતુક એ કરે, મુદિત દંપતી તેમ! ૧૨૦.

દે આલિંગન સ્નેહથી, ચૂંબે વારંવાર;
રહી અર્ધભૂખ્યાં સ્વયં, પોષે શિશુ નિર્ધાર. ૧૨૧.

લહે ન સ્વાત્માનંદ જે, સ્ત્રીપુત્રાદિક માંહ્ય
રમે સતત તોએ ન તે, તુષ્ટ કદાપિ થાય! ૧૨૨.

એક દિવસ બંને જણાં, બચ્ચાં માટે તેમ
લેવા ચારો વન મહીં, ગયા દંપતી એમ. ૧૨૩.

જોઈ બચ્ચા ન્હાનલાં, રમતાં સૂનાં બહાર;
અકસ્માત આવી તિહાં, ફેંકે વાઘરી જાળ! ૧૨૪.

સપડાયાં બાળક અહા, વ્યાધજાળમાં એમ;
આવી કપોતી ઘેર જયાં, દેખે સઘળું તેમ. ૧૨૫.

અપત્યસ્નેહે[૪] દુઃખી એ, થઈ કપોતી જાણ,
હા હા કરતી વેગથી, પડી જાળમાં માન! ૧૨૬.

૧. હોલો ૨. ભરેલું, પૂર્ણ ૩. સર્વનો નિયંતા, ઈશ્વર ૪. બાળકનાં સ્નેહ થકી

આવ્યો મૂઢ કપોત ત્યાં, દેખે ઘરમાં એમ;
ના દેખાએ સ્ત્રી અહા, ના બચ્ચાં પણ તેમ? ૧૨૭.

દેતું ગૃહ આનંદ જે, આજે ભીષણ જાણ
ભાસે સ્ત્રી બાળક વિણ, સ્મશાનવત્ એ માન! ૧૨૮.

મ્યુઝીક

શોધે આવી બહાર ત્યાં, દેખે જાળ માંહ્ય
સ્ત્રીપુત્રાદિક દુઃખથી, તરફડતાં ત્યાં હાય! ૧૨૯.

કહેઃ- વ્યર્થ જીવન હવે, મરતાં સ્ત્રીસુત એમ!
એમ કહી આવેશથી, પડ્યો જાળમાં તેમ!! ૧૩૦.

મિથ્યા મોહે એમ એ, પામ્યાં મૃત્યું જાણ;
માટે આસક્તિ ત્યજી, થાવું સાવધ માન. ૧૩૧.

વિષયે અતૃપ્ત જે રમે, સ્ત્રીપુત્રાદિક માંહ્ય,
આખર સહ પરિવાર તે, દુઃખી અતિશય થાય. ૧૩૨.

લીધો બોધ કપોતથી, જાણ ભૂપ મેં એમ;
રહું સદા આનંદથી, નિરાસક્ત હું તેમ. ૧૩૩.

**(૯) અજગર :- ઉદાસીન**

નવમો ગુરુ અજગર નકી, વદે દત્ત ભગવાન;
અલખ નિરંજનને કહે, આગળ એ રસ માન. ૧૩૪.

અનેક રંગે એકલો, ખેલે એ અવધૂત!
સ્પર્શે રંગ ન એહને, એ તો સદાય પૂત[1]. ૧૩૫.

**અ.૫૪**

કૃપાંબુધિ ગુરુ ઓચરેઃ-, સાંભળ ભૂપ સુજાણ!
સુખ સુખ કરતાં પ્રાણીઓ, પડે દુઃખમાં માન. ૧.

વિણ યત્ને આવી મળે, દુઃખ કારમું જેમ,
તેમ સૌખ્ય પણ જાણ તું, મળે અયત્ને એમ. ૨.

કારણ સુખદુઃખો તણું, પૂર્વકર્મ તું જાણ;
કાં આયુષ ખોવું વૃથા, ભમી સુખાર્થ અજાણ? ૩.

મ્યુઝીક

માટે મુમુક્ષુએ નકી, ત્યાગી આ સંસાર,
રાખી ભરોંસો પ્રાક્તને,[2] અજગરવત્ નિર્ધાર. ૪.

રહેવું ફાવે ત્યાં પડી, અંતર્નિષ્ઠ સદાય;
જાણી રહસ્ય અંતરે, છોડી દૈવ પર કાય! ૫.

ઈન્દ્રિય સૌખ્ય સમાન આ, સઘળે નિશ્ચય જાણ;
પ્રારબ્ધે આવી મળે, ફાવે ત્યાં પણ માન. ૬.

જતાં શ્વયોનિમાં મળે, શુની[3] ભોગાર્થ જેમ,
થતાં ઈન્દ્રપદ પ્રાપ્ત ત્યાં, ઈન્દ્રાણી એ તેમ. ૭.

રમી ઈંદ્ર ઈંદ્રાણીથી, પામે જે સુખ જાણ,
તેજ શ્વાન શુની થકી;, ના ન્યુનાધિક માન! ૮.

ઈન્દ્રિયસુખ પરતંત્ર આ, સમાન સઘળે તેમ;
સુખાભાસ એ જાણતું, ના સાચું સુખ એમ. ૯.

આદિ અંતમાં પ્રાણીને, આપે દુઃખ મહાન;
ભાસ માત્ર વચ્ચે દિસે, ક્ષણિક સૌખ્યનો જાણ. ૧૦.

મુખ્ય સૌખ્ય આ ના કદિ; તો એ દૈવે તેહ,
મળે જાણ સર્વત્ર તું;, એમાં ના સંદેહ. ૧૧.

કરે ન ચિંતા ચિત્તમાં, અજગર જેમ સુજાણ,
પડી રહે ફાવે તિહાં;, તેમ જ્ઞાનીએ માન. ૧૨.

ઉદાસીન રહેવું બધે, દેહગેહમાં એમ;
રાખી યકીન અંતરે, સદા દૈવ પર તેમ. ૧૩.

મ્યુઝીક

**૧/૫૯ ૦.૦૨.૪૬ હર્ષ પટેલ, અમી ઠાકોર**

રહે પડી વિશ્વાસથી, આર[4] નિશ્ચયે એહ;
યથાપ્રાપ્ત અન્નાદિને, ભક્ષી તોષે તેહ. ૧૪.

થોડું વત્તું ના કહે, કડવું મીઠું તેમ;
ખાય સર્વ સંતોષથી, મળે જેટલું જેમ. ૧૫.

ક્વચિત દૈવથી ના મળે, તોએ ધૈર્યે જાણ,
પડી રહે જાગ્રત સદા;, તેમ સાધકે માન. ૧૬.

મળે જે ક્ષણે જે નકી, ખાવું ત્યારે તેમ;
ક્વચિત્ ગ્રાસ પણ ના મળે, તોએ ધૈર્યે એમ. ૧૭.

રાખી નિશ્ચય અંતરે, રહેવું પડી સુજાણ;
રાખી લક્ષ્ય સ્વરૂપમાં, સદા સુજાગ્રત માન. ૧૮.

હોય પૂર્ણ બળ અંગમાં, તોએ નિશ્ચલ એમ
રહેતા પડી, શનૈઃશનૈઃ, શમે વૃત્તિઓ તેમ. ૧૯.

દર્શનાદિ વ્યાપાર એ, થાએ સુલીન જાણ;
જામે એકજ રંગ ને, રહે ન બીજું ભાન! ૨૦.

એમ પડી રહેતાં કદિ, થયું પ્રારબ્ધ નષ્ટ,
ના દેખ્યું ના સાંભળ્યું !, માટે સદા પ્રહૃષ્ટ. ૨૧.



૧. પવિત્ર ૨. પૂર્વકર્મ, પ્રારબ્ધ, દૈવ ૩. કૂતરી ૪. અજગર

રહું પડી હું, ભૂપ હે!, જાણ આરવત્ એમ;
આનંદે નિર્ભય સદા, જને વને વા તેમ. ૨૨.

**(૧૦) સમુદ્ર :- સહજભાવ**

મળે ના મળે કાંઈ વા, કરૂં ન હર્ષ વિષાદ;
શીખ્યો હું એ અબ્ધિ[૧] થી, ગુરુ દશમો સાક્ષાત! ૨૩.

મ્યુઝીક

**૧/૬૦ ૦.૫૯.૪૮ અમી ઠાકોર, હર્ષ પટેલ**

નિત્ય પૂર્ણ સમુદ્ર એ;, વર્ષાકાલે જાણ
મળતાં નદીઓ ના કદિ, મૂકે માઝા માન. ૨૪.

હર્ષે ગાંડો થઈ તથા, જાણ ભૂપતિ તેમ,
સૂકાએ ના ગ્રીષ્મમાં, કદિ દુ:ખથી એમ. ૨૫.

મળે ન વારિ તોય એ;, રહે સદા ગંભીર
તેમ સ્વધર્મે વર્તીને, રહેવું સ્વસ્થ સુધીર! ૨૬.

મળતાં ભોગ ન ચિત્તમાં, થાવું હૃષ્ટ સુજાણ;
ના મળતાં ના દીન ત્યાં, રહેવું સદા સમાન. ૨૭.

સુખમાં ફૂલીના જવું, દુ:ખમાં ખિન્ન ન તેમ,
થાવું ચિત્તે સર્વથા, રહેવું પ્રશાન્ત એમ. ૨૮.

સમુદ્ર ઊંડો કેટલો, કેટલાં મહીં રત્ન,
જાણે કોઈ ન એ કદિ, કરવા છતાં પ્રયત્ન. ૨૯.

તેમ ગુણો પોતા તણા, જ્ઞાનગાંભીર્ય એમ;
પાર ન તેનો લાગવા, દેવો સુજ્ઞે તેમ. ૩૦.

રહેવું દુરતિક્રમ સદા, પ્રસન્ન અંદર બહાર;
નિર્વિકાર અંતર મહીં, સમુદ્રવત્ નિર્ધાર. ૩૧.

વિષય પાંચ પંચેન્દ્રિયે, સેવે અખંડ જેહ;
મૃતપાય એ જાણવો;, એમાં ના સંદેહ. ૩૨.

**(૧૧) પતંગિયુ :-**

પતંગાદિ ગુરુ પાંચથી, જાણી એવું જાણ;
ત્યાગી વિષયો આમ હું, રહું સ્વસ્થ તું માન. ૩૩.

મ્યુઝીક

ગાઢ ઊંઘમાં ના લહે, વિષય માનવી જેમ,
જાગતાંએ તેમ જો, છુટે કોણ ન તેમ? ૩૪.

જોઈ સ્ત્રી લાવણ્ય ને, વિલાસાદિને જાણ,
પડે મોહમાં તે નકી, મરે પતંગ સમાન. ૩૫.

જોઈ દીપ જ્યોતિએ, મોહિત રૂપે એમ;
દોડી વેગે આગમાં, મરે પતંગિયું તેમ! ૩૬.

તેમ જોઈ નવયૌવના, પડે મોહમાં જેહ,
હાથે મૃત્યુ નોતરે, એમાં ના સંદેહ. ૩૭.

છોડી વસ્ત્રાભૂષણો, ત્યજી તેમ શણગાર;
જોતાં પ્રેત સમો ન શું, સ્ત્રીનો દેહ અસાર? ૩૮.

ગોળો અસ્થિમાંસનો, જોઈ નજરે તેમ
મલમૂત્રાદિકપૂર્ણ એ, રમે તત્ર નર કેમ? ૩૯.

દુર્ગંધિનું સ્થાન જે, વ્રણપ્રાય[૨] તું જાણ,
લાગે સુખ જો ત્યાં ન કાં, થાવું કીટક માન! ૪૦.

જાવા દો એ વાતને, વછૂટે કમકમાટ
સ્મરણમાત્રથી એહના!, માટે ત્યજી કુજાત. ૪૧.

વિષયસૌખ્ય એ આમ હું, સ્વાનંદાર્ણવ માંહ્ય
સોહં શબ્દે ગર્જતો, ડૂબી રહું સદાય! ૪૨.

**(૧૨) ભમરો :-બધ્ધરહિત, ભમરી-સંગ્રહવૃત્તિ**

જાણ ગુરુ અગીયારમો, પતંગ નિશ્ચય એમ;
ભમરો! મધુકૃત્[૩] બારમો, મધમાખી પણ તેમ. ૪૩.

મ્યુઝીક

રમે સુગંધે ભ્રમર એ, ચિત્તે અતિશય માન;
તત્સુખ માટે કમલ પર, બેસે જઈને જાણ. ૪૪.

સૂર્યવિકાસિત કંજ એ, સાયંકાળે એમ
બીડાતાં, બંધન મહીં, પડી મરે એ તેમ! ૪૫.

કોરે મોટા પાટડા, એવી શક્તિ જાણ!
કોણ કમલ ત્યાં? તોય એ, પડી મોહમાં માન. ૪૬.

થઈ બદ્ધ સૌગંધ્યમાં,મરે મૂઢવત તેમ;
માટે ગંધાસક્તિથી, રહું દૂર હું એમ. ૪૭.

એકજ કંજે ના કદિ, બેસે ભૃંગ[૪] સુજાણ;
ફરી અનેકે મોજથી, લે આમોદ[૫] પ્રમાણ. ૪૮.

તેમ મુમુક્ષુએ સદા, જોઈ શાસ્ત્ર અનેક;
સાર સર્વથી ખેંચવો, થાવું બદ્ધ ન છેક. ૪૯.

રસાધિક્યલોભે તથા, એક જ કંજે જાણ
ઠરતાં ભૃંગ મરે અહા, બીડાતાં એ માન! ૫૦.

૧. સમુદ્ર ૨. ચાંદા જેવું ૩. ફૂલોમાંથી મધ ખેંચી કાઢે તે ભ્રમ, અનેક રસહરી મધ બનાવે તે મધમાખી ૪. ભમરો ૫. સુવાસ

નાના સ્વાદ મળે કદિ, એક જ સ્થાને તેમ,
તોએ આસક્તિ વધી, પડે બંધને એમ. ૫૧.

માટે મુમુક્ષુએ તથા, રસાસ્વાદ માં જાણ,
લપટાઈ એકજ સ્થળે, રહેવું પડી ન માન. ૫૨.

ધ્યાન સર્વદા ઈશનું, કરવું પ્રેમે તેમ;
જન્મમૃત્યુ બાધે નહીં, તેને કદિએ એમ. ૫૩.

મ્યુઝીક

શીખ્યો હું આ ભ્રમરથી;, મધમાખીથી જેહ
લીધો સાર કહું તને, સાંભળ સાવધ તેહઃ- ૫૪.

વેઠી દુઃખ અનેક એ, મધમાખી તું જાણ
જોઈ વિકટ સ્થાનને, ઉચ્ચ સ્થળમાં માન. ૫૫.

કષ્ટે મધુસંચય[1] કરે, ભક્ષે સ્વયં ન એહ;
ના ખાવા દે અન્યને,રક્ષે યત્ને તેહ. ૫૬.

તોએ જન ધૂણી કરી, બાળી એને એમ,
કરે હરણ મધ એહનું, ઘસે હાથ એ તેમ! ૫૭.

તેમ કૃપણ ધન એકઠું, કરી કષ્ટથી જેહ,
ના ખર્ચે ના દાન દે, થાએ દુઃખી તેહ. ૫૮.

હરે અગ્નિ નૃપ ચોર વા, અથવા અનીતિમાન
પુત્ર પાકતાં વેડફે, કુમાર્ગમાં એ જાણ. ૫૯.

મરે નિપુત્રિક[2] વા યદિ, રહે જયાંયનું ત્યાંય
દાટેલું ધન હન્ત હા!, વારસ બીજા થાય!! ૬૦.

રહે વાસના વિત્તમાં, અંતકાળમાં તેમ;
થાય ભૂત કે સાપ હા, કૃપણ આખરે એમ! ૬૧.

એમ અનર્થ પરંપરા, છૂટે ના કદિ જાણ;
થાએ દુર્ગતિ સર્વથા, ધન સંચયથી માન. ૬૨.

જાણી આ મધમાખીથી, કરૂં ન સંચય તેમ;
આપી સઘળું મોદથી, રહું અકિંચન એમ. ૬૩.

મ્યુઝીક

**(૧૩) હાથી :- સ્ત્રીવશ**

**સમીપ સ્વાદીયા, અમી ઠાકોર**

થાએ સ્ત્રીવશ જે નકી, પડે બંધને તેહ
ગુરુ ત્રયોદશ ગજ કરી, લીધો સુબોધ એહ. ૬૪.

પોતાની કે પારકી, સ્ત્રીની પ્રીતિ જાણ
બંધનકારક આખરે, નિશ્ચય ભૂપ સુજાણ! ૭૫.

મદોન્મત્ત હાથી નકી, કેવળ અજેય તેમ,
એક સિંહ વિણ અન્ય ને, ના ગાંઠે જે એમ, ૬૬.

કરવા વશ તેને જનો, ખોદી ખાડો જાણ
ઊંડો ચોગમ યુક્તિથી, તૃણપર્ણોથી માન. ૬૭.

આચ્છાદી તેને તથા, સ્થાપે ઉપર એમ,
ગજચર્માચ્છાદિત અહા, કાષ્ઠ હસ્તિની તેમ! ૬૮.

જોઈ એને મોહથી, થઈ કામાંધ જાણ,
દોડે લુબ્ધ કરી[3] તિહાં, વેગે ઉપર માન. ૬૯.

પડે જઈ ખાડા મહીં, વિષયલાલચે એમ;
પકડે જન જઈ ત્યાં, થતાં નરમ હાડકાં તેમ!! ૭૦.

કાષ્ઠહસ્તિની બંધને, પાડે એમ સુજાણ!
માંસમયી શું ના કરે ?, થા સાવધ નૃપ માન. ૭૧.

પોતાના સુખ કારણે, નારી નરને એહ
પાડી મોહે નરકમાં, નાંખે આખર તેહ! ૭૨.

લડી પરસ્પર હાથીઓ, થઈ કામવશ જેમ,
પડે મૃત્યુમુખમાં અહા! જાણ માનવી તેમ. ૭૩.

મ્યુઝીક

કુલટા સ્ત્રીના મોહમાં, ફસી આખરે જાણ,
થાએ ખુવાર હાથથી, મરી કમોતે માન!! ૭૪.

હરે ચિત્ત દર્શન થકી, સ્પર્શનથી બળ તેમ;
હરે વીર્ય સંભોગથી, નારી ડાકણ એમ. ૭૫.

પ્રેમ પાશમાં સ્ત્રી તણા, યૌવનમાં પણ જેહ
ના સપડાએ ધન્ય તે!, જાણ વીર નર તેહ!! ૭૬.

જોઈ સ્ત્રી રાત્રી અહા, નાચે કામી ભૂત!
યોગી સિદ્ધાસન સજી, રહે જાગતો પૂત!![4] ૭૭.

બેઠો હું પણ એમ આ, જાણી ગજથી તેમ;
સ્પર્શાસક્તિ ત્યાગીને, કેવળ વિરક્ત એમ!! ૭૮.

**(૧૪) મધમાખી :-લોભ વૃત્તિ, સાધુ વૃત્તિ**

રહે ધ્યાનરત સર્વદા, યોગાભ્યાસે જાણ;
કરે તપસ્યા ખંતથી, વિદ્યાર્જન વા માન; ૭૯.

તેણે ગૃહસ્થગેહથી, માગી ભિક્ષા તેમ,
રહેવું સંતોષે સદા, સિધ્ધ અન્ન પર એમ. ૮૦.



૧. મધનો સંગ્રહ ૨. પુત્ર વિનાનો ૩. હાથી ૪. પવિત્ર

કરે એકઠું કષ્ટથી, માખીઓ મધુ જાણ;
આવી ઓચિંતો હરે, મધુહા[1] એહ સુજાણ! ૮૧.

વિણ ઉદ્યોગે જાણ એ, કરે પ્રાપ્ત મધુ જેમ,
તેમ સાધકે પેટની, છોડી ખટપટ એમ; ૮૨.

ચૂલો ચોકો લાકડાં, પાત્રાન્નાદિક જાણ
ત્યજી સર્વ ઉપાધિ એ, પાક ન કરતાં માન. ૮૩.

મ્યુઝીક

માગી સુખે મધુકરી, ગૃહસ્થને ત્યાં તેમ,
ભક્ષી સંતોષે સદા, કરવું સાધન એમ! ૮૪.

વખત એહ શક્તિ તથા, એમ બચાવી જાણ,
ઈશભજનમાં યોજવાં, તેમ તેમને માન. ૮૫.

માગી ભિક્ષા આળસે, નિદ્રા પ્રમાદ માંહ્ય
કાળ વિતાડે તે નકી, નરકે અંતે જાય! ૮૬.

ચેનબાજી કરવા નહીં, જાણ મધુકરી એહ;
ધ્યાનનિષ્ઠ જે સર્વદા, પચે તેહને તેહ. ૮૭.

તારે તે યજમાનને, તરે સ્વયં પણ જાણ;
ધન્ય યોગિજન એ અહા!, નકી દેવ સમ માન!! ૮૮.

**(૧૫) હરણ :-શબ્દ વિષય**

લીધો સુબોધ આ સુધી, મધુહારકથી તેમ;
ચૌદમો ગુરુ એ નકી, પંદરમો મૃગ એમ. ૮૯.

સ્પર્શે મરે કરી યથા, શબ્દે મૃગ તું જાણ
થઈ લુબ્ધ નિજ પ્રાણને, ખોવે હાથે માન. ૯૦.

પવન સમી જેની ગતિ, પકડ્યો ના પકડાય;
લપટાતાં નાદે અહા, સ્હેજે એહ ઝલાય! ૯૧.

કસ્તુરીમૃગ વન મહીં, વસે જે સ્થળે જાણ,
કપટી લોકો ત્યાં જઈ, ગાયન મધુર સુજાણ. ૯૨.

આલાપાદિક સહ કરે, વાદ્ય વગાડી તેમ;
વીણા સારંગી અહા, કોમળ સુસ્વર એમ! ૯૩.

મ્યુઝીક

થઈ મુગ્ધ એ ગાનથી, ભૂલી સઘળું ભાન;
આવે દોડી મૃગ તિહાં, સાંભળવા એ માન. ૯૪.

થતાં લીન સંગીતમાં, પકડે મૃગયુ[2] તેમ;
હણી નાભિથી કસ્તૂરી, કાઢે સત્વર એમ! ૯૫.

થઈ લુબ્ધ સ્ત્રીગાનમાં, તેમ માનવી જેહ,
હોમે ધનયૌવન તિહાં, થાએ ખુવાર તેહ. ૯૬.

શબ્દવિષય ઘાતક નકી, માટે નિશ્ચય જાણ;
છોડી એના મોહને, ભગવત્કીર્તન માન. ૯૭.

કરવું ભાવે સર્વદા, ભૂલી તન મન તેમ;
ભવબંધન પીડે નહીં, થાય મુક્ત નર એમ. ૯૮.

નાદ અનાહત સાંભળી, થાવું તન્મય ત્યાંય;
જેથી બીજું ના રહે, શેષ શ્રોતવ્ય ક્યાંય! ૯૯.

**(૧૬) માછલુ :-રસવિષય**

શીખ્યો હું એ મૃગ થકી, સાંભળ આગળ તેમ;
સોળમો ગુરુ મીન[3] જે, કહું તદ્‌બોધ એમ. ૧૦૦.

સ્વેચ્છાએ જેની ગતિ, જળમાં સદા સુજાણ;
દોડે વાયુ સમ અહા, મત્સ્ય એહ તું માન. ૧૦૧.

જિહ્વાલોલુપતા થકી, પડે બંધને એમ;
માંસયુક્ત ગળ નાંખીને, પકડે ધીવર[4] તેમ! ૧૦૨.

ગળતાં ગળ એ લોહનો, માંસ લાલચે જાણ
મરે માંછલું તરફડી! ઘાતક સ્વાદ સુજાણ! ૧૦૩.

મ્યુઝીક

થાય લુબ્ધ રસવિષયમાં, એમ માનવી જેહ;
છૂટે ના સંસારથી, જાણ કદિએ તેહ. ૧૦૪.

થતાં સ્મરણ રસનું, મુખે છૂટે પાણી જાણ;
લેતા સુવાસ ઘ્રાણથી, ઠરે ચિત્ત ના માન. ૧૦૫.

કરવા તૃપ્તિ જીભની થઈ નિર્લજ્જ એમ,
વેચે ગૃહક્ષેત્રાદિએ, સુત કન્યાદિક તેમ! ૧૦૬.

તોએ તૃપ્ત ન થાય હા, રસના રસથી એહ!
લૂલી બાંધે સર્વને! દુર્જય નિશ્ચય તેહ!! ૧૦૭.

જોઈ અંગુલ ચાર આ, રસના રસજ્ઞ જાણ!
થાકે વીર પરાક્રમી, ભલે મહા વિદ્વાન! ૧૦૮.

જીતે શત્રુઓ સભા, હારે તે પણ તેમ;
થાય દાસ જિહ્વા તણા! પ્રભુ બચાવે એમ!! ૧૦૯.

ના જીતાઈ જીભ જો, અન્ય ઈન્દ્રિયો જાણ
ના જીતાએ સર્વથા; નિશ્ચય મનમાં માન. ૧૧૦.

૧. મધ હરણ કરનાર, વાઘરી ૨. પારધી ૩. માછલું ૪. માછીમાર

થતાં ઉન્મત્ત ઈન્દ્રિયો, પાડે નરકે તેમ;
જન્મમરણ છૂટે નહીં!, માટે યત્ને એમ. ૧૧૧.

રસાસ્વાદ શનૈઃશનૈઃ, ઘટાડવો તું જાણ;
રોકી રસના યુક્તિથી મુમુક્ષુએ તું માન. ૧૧૨.

'જિતે રસે સર્વં જિતં'[1], સૂત્ર સનાતન એહ;
થતાં સ્વવશ રસના, થશે સર્વેન્દ્રિય વશ તેહ! ૧૧૩.

મ્યુઝીક

વિશ્વ સકળ વશ વર્તશે, થાશે જયજયકાર!
આગળ સત્તરમો ગુરુ, વેશ્યા જેહ જે નિર્ધાર!! ૧૧૪.

અલખ નિરંજનને કહેઃ-, સઘળે એકજ રંગ;
ઉચ્ચનીચ તેને નહીં, થતાં દ્વૈતનો ભંગ!! ૧૧૫.

**(૧૭) વેશ્યા :-શાસ્ત્ર અમાન્ય વ્યવસાય**

**અ.૫૫**

વદે દિગંબર એ ફરી, દત્ત યોગિવર એમઃ-
સાંભળ યદુ, વેશ્યા થકી, મળ્યો બોધ જે તેમ! ૧.

એક પુરુષ સાથે ન જે, કરે લગ્ન તું જાણ,
નિત્ય નવીન કરે ધણી, દ્રવ્ય લોભથી માન; ૨.

વેશ્યા વારસ્ત્રી કહી, તેને નિશ્ચય એમ;
કાળી નાગણ એ નકી, કરડે સહાસ્ય તેમ! ૩.

લહે ન લજ્જા સ્વપ્નમાં, લંપટ કેવળ જાણ;
પવિત્રતા જાણે નહીં, દુરાચારની ખાણ! ૪.

થઈ આંધળો ભીંત જે, થાએ તદ્દશ તેમ;
અધઃપતન પામે નકી, ઉભયભ્રષ્ટ થઈ એમ. ૫.

પૂર્વે પિંગલા નામની, વિદેહ નગરે એક;
વેશ્યા સુંદર જાણ તું, હતી રતિ સમ છેક.૧ ૬.

સુવર્ણ લતિકા સમ અહા, નાજુક દેહ પ્રમાણ;
ચંદ્રવદન મૃગનેની એ, જોબનવંતી માન. ૭.

જોતાં વેંતજ એહનું, અનુપમ એ સૌંદર્ય;
વીંધાએ નર કામથી, હો શ્રીમંત કદર્ય[2]! ૮.

મ્યુઝીક

મતિ ભ્રષ્ટ થયા કંઈ, કામી લોકો એમ;
આવે નિત્ય નવા નવા, પડે પાશમાં તેમ. ૯.

નૃત્ય ગાયને તેમને, કરી મુગ્ધ એ જાણ;
નેત્રકટાક્ષે વીંધીને, કરે સ્વવશ તું માન. ૧૦.

થાતાં લુબ્ધ તથા હરે, ધન જોબન એ તેમ;
કરી ખોખું નિચોવીને, કાઢી મુકે એમ! ૧૧.

તોએ તૃપ્ત ન થાય એ, વેશ્યા મનમાં જાણ;
એક દિવસ દૈવે તિહાં, આવ્યું કોઈ ન માન. ૧૨.

સજી સોળ શણગાર એ, ઊભી દ્વારે તેમ;
છોડે નેત્ર કટાક્ષને, જોઈ શોખીન એમ. ૧૩.

આઘીપાછી થાય પણ, આવે કોઈ ન જાણ;
થાકી આખર અંતરે, થઈ નિરાશ માન. ૧૪.

પડી પથારીમાં જઈ;, આવે ઊંઘ ન તેમ;
દૈવે વિવેક અંતરે, સ્ફૂર્યો એહને એમ! ૧૫.

કહે વિરક્ત થઈઃ- અહા!, મત્સમ કોઈ ન આન
ભાગ્યહીન સ્ત્રી આ જગે, દુરાચારિણી માન. ૧૬.

દ્રવ્ય લોભથી હન્ત મેં, હાય અંધવત્ એમ
અર્પ્યું શરીર ધિક્ અહા, અનેક જણને તેમ! ૧૭.

પામી રત્ન સમાન આ, માનવદેહ પ્રમાણ,
કર્યું એક પણ ના કદિ, પુણ્યકર્મ હા જાણ! ૧૮.

મ્યુઝીક

માટે ચિત્ત! હવે નકી, પશ્ચાતાપે તેમ
ત્યાગી દુર્ગુણ પૂર્વના, થા સાવધ તું એમ. ૧૯.

વ્યાપી સઘળે જે રહ્યો, વિશ્વાધાર મહેશ;
રમતાં તત્સહ ના કદિ, થાત આમ આ ક્લેશ. ૨૦.

છોડી અક્ષય એ પતિ, ઈચ્છું મર્ત્ય ગમાર!
ધિક્ મુજને! ધિક્ દેહ આ!, ધિક્ તૃષ્ણા નિર્ધાર!! ૨૧.

એમ વિચારી અંતરે, કહેઃ- દેવ હે જાણ,
યાચું દુષ્કૃતની ક્ષમા, પતિતોદ્ધારક માન. ૨૨.

[3]રામા હું તુજની પ્રભુ, નકી આજથી તેમ;
રમું ન તુજ વિણ અન્યથી, જાણ સુનિશ્ચિત એમ! ૨૩.

એમ કહી પ્રભુચિંતને, નિદ્રાવશ તત્કાળ
થઈ પિંગલા એ અહા, ત્યજી આશ નિર્ધાર! ૨૪.

આશા ચિત્તે જ્યાં સુધી, આવે ઊંઘ ન સ્વસ્થ;
નૈરાશ્યે સુખ સર્વદા, જાણી એમ હું મસ્ત. ૨૫.



૧. સ્વાદને જીત્યો તો બધું જીત્યો ૨. કંજૂસ ૩. સ્ત્રી

પડી રહું આંનદમાં!, જાણ ભૂપતિ એમ,
બોધ એહ વેશ્યા તણો;, કેવળ અમૂલ્ય તેમ. ૨૬.

(૧૮) ટિટોડી :- સંગ્રહવૃત્તિ

આશા દુઃખનું મૂળ છે, તેમ પરિગ્રહ એહ!
જાણ્યું એહ ટિટોડીથી, અઢારમો ગુરુ તેહ. ૨૭.

પાંચ પચીસ ટિટોડીઓ, મળી એકદા જાણ,
ખાવા માટે યત્નથી, આણી માંસ સુજાણ. ૨૮.

મ્યુઝીક

લે સરખું વ્હેંચી સહુ, ખાએ તત્ક્ષણ તેહ;
એક જણી તેમાં થકી, રાખે સંઘરી એહ. ૨૯.

જોઈ એ બીજી બધી, વદે ટિટોડી જાણઃ-
રાખ્યું તેં આ ચોરીને, આપ અમોને માન. ૩૦.

કહે પેલીઃ- મમ ભાગ એ!, સૂણે કોઈ ન એમ;
મારી ચાંચો એહને, કીધી જર્જર તેમ! ૩૧.

સ્વયં એકલી એ બહુ, ચાલે કાંઈ ન જાણ
કહેઃ- વ્યર્થ કાં માર આ, ખાઈ ખોવા પ્રાણ? ૩૨.

એમ વિચારી અંતરે, છોડી દે એ તેમ
માંસ એહ નિજ ચાંચથી, બચે મોતથી એમ! ૩૩.

જોઈ એવું મેં તિંહાં, કીધો નિશ્ચય જાણ,
સંગ્રહ કારણ દુઃખનું;, માટે સુજ્ઞે માન. ૩૪.

ત્યજી પરિગ્રહ સર્વથા, સદા અગ્નિવત્ તેમ,
યથાપ્રાપ્ત સંતોષથી, રહેવું સુખમાં એમ. ૩૫.

સંગ્રહ કરનારા તણું, ચિત્ત સર્વદા જાણ
રહે સંગ્રહિત વસ્તુમાં;, ના થાએ સ્થિર ધ્યાન. ૩૬.

માટે સંગ્રહ બુદ્ધિને, વિવેકજ્ઞાને આમ
છોડી, અપરિગ્રહ સદા, રહેવું નૃપ નિષ્કામ. ૩૭.

(૧૯) બાળક :-બેફિકર જીવન વ્યવહાર

જાણ્યું એહ ટિંટોડીથી!, આગળ બાળક જાણ
ગુરુ ઓગણીસમો નકી, સાંભળ આપી ધ્યાન. ૩૮.

મ્યુઝીક

નિજાનંદથી ધૂળમાં, રમે મોજથી એમ;
કાદવકીચડ ના લહે, સુગંધ પરિમલ તેમ. ૩૯.

કરે કોઈ સત્કાર વા, ધિક્કારે વા જાણ;
થાએ ખિન્ન ન અંતરે, બાલારાજા માન. ૪૦.

રજ્જાુસર્પ જાણે નહીં, કરે ન એ અનુતાપ;
પાપપુણ્ય લહે નહીં, એને લેશ ન બાપ! ૪૧.

પડે સુકાળ દુકાળ વા, કરે ન ચિંતા જાણ;
શું ખૂટ્યું? શું ના ગૃહે?, મળે કેમ વા માન? ૪૨.

ચિંતા એવી એહને, સ્પર્શે કદિ ન તેમ;
નિર્વિકાર એ તો સદા, સારે નરસે એમ! ૪૩.

થશે મરણ હમણાં નકી, પડશે આફત જાણ;
થાશે અપકીર્તિ જગે;, ચિંતે એમ ન માન. ૪૪.

શી રીતે ધન મેળવું?, રક્ષું એને કેમ?
પોષણ ઘરનાંનું અહા, થાશે સુખથી કેમ? ૪૫.

ચિંતા એવી ના કરે;, કેવળ એ નિષ્કામ;
રમે મોજથી એકલો, સદા નિશ્ચિંત આમ! ૪૬.

મારૂંતારૂં ના લહે, માને સર્વ સમાન;
ભૂખ લાગતાં જે મળે, ખાઈ લે તે માન. ૪૭.

એમ વર્તતા જગતમાં, લાગે લેપ ન ક્યાંય;
સ્હેજે અંતર્નિષ્ઠતા, આપે ભૂપ ! પમાય. ૪૮.

મ્યુઝીક

માયામય સંસાર આ!, કો કોનો પરિવાર?
ક્યાં કોનું ઘરબાર વા?, શમણું આ નિઃસાર! ૪૯.

ચિંતામય આ હાટમાં, ચિંતા વિણ શું એમ
મળે, બોલ વિચારી એ, ભૂપ અંતરે તેમ! ૫૦.

મળશે શેં મિષ્ટાન્ન હા?, ચ્હાશે લોકો કેમ?
ટળશે આફત કેમ આ?, થાશે સુભિક્ષ કેમ? ૫૧.

થાઉં પ્રસિદ્ધ લોકમાં, કેમ ત્વરાએ જાણ;
થાએ સત્કીર્તિ બધે, ચિંતામાં એ માન. ૫૨.

રહે નિરંતર જે સદા, થાએ વ્યાકુળ તેમ;
કરે શ્રવણ શત વર્ષ એ, તોએ ઠરે ન એમ. ૫૩.

વૃત્તિ અંતર્મુખ કદિ, થાએ તેમ ન જાણ!
જાણી એવું શિશુ થકી, ત્યજી માન અપમાન. ૫૪.

છોડી ચિંતા બાલવત્, નિજાનંદમાં એમ
રહું પડી નિર્ભય સદા!, જાણ ભૂપ તું તેમ. ૫૫.

## (૨૦) કુમારીકાનું કંકણ :-સંગત્યાગ

લેવા એ અનુભવ નકી, કરવો સતતાભ્યાસ;
વિણ એકાંત બને નહીં, સાધન એ પણ ખાસ. ૫૬.

ગુરુ વીસમો મેં કરી, કુમારી કંકણ તેમ,
જાણ્યું તત્ત્વ મહાન આ, જાણ નિશ્ચયે એમ. ૫૭.

હતો મુકામ માહરો, દૂર ગામમાં એક;
દીઠું કૌતુક એક ત્યાં, વિપ્રગૃહે મેં છેક. ૫૮.

મ્યુઝીક

ઉપવર[1] કન્યા એકલી, મૂકી ઘરમાં જાણ,
માતપિતા ગ્રામાન્તરે, ગયાં કાર્યસર માન. ૫૯.

આવ્યા મ્હેમાનો તિહાં, રંકઘેર એ તેમ;
ચોખા પૂરતા ના મળે, જુએ કન્યકા એમ. ૬૦.

કરૂં રસોઈ શે હવે?, એમ વિચારી જાણ;
કાઢી ડાંગર, ખાંડવા, બેઠી તત્ક્ષણ માન. ૬૧.

ખાંડે અંતર્ગૃહ મહીં, ખખડે કંકણ તેમ;
જશે આબરૂ જાણીને, કન્યા સુબુદ્ધ[2] એમ. ૬૨.

કાઢી મૂકે કંકણો, રાખી બબ્બે જાણ;
તો એ શબ્દ ન થાય એ, બંધ નિશ્ચયે માન. ૬૩.

જોઈ કાઢે અન્ય પણ;, માત્ર બંગડી એક
દરેક કરમાં રાખતાં, થયો બંધ રવ[3] છેક. ૬૪.

આનંદે વેગે પછી, ખાંડી ડાંગર તેમ;
કરી પાક, મ્હેમાનને, પ્રીતે પીરસે એમ. ૬૫.

જોઈ મેં લીધું તિહાં, કંકણથી એ જ્ઞાન;
થતાં એકઠા બહુ જનો, થાએ કલહ સુજાણ! ૬૬.

રહેતાં બે પણ એકઠા, વાતોચીતો માંહ્ય
જાય વખત એળે બધો, ધ્યાનાદિક ના થાય. ૬૭.

રહે વૃત્તિઃ વિક્ષિપ્ત ને, પેસે પ્રમાદ જાણ;
માટે મુમુક્ષુએ સદા, સંગ ત્યાગવો માન. ૬૮.

મ્યુઝીક

રહી એકલા યત્નથી, કરવું સાધન તેમ;
કંકણથી મેં જ્ઞાન એ, ભૂપ મેળવ્યું એમ. ૬૯.

## (૨૧) સર્પ :-ગુપ્તજીવન વ્યવહાર

એકવીસમો ગુરુ કર્યો, આગળ સર્પ સુજાણ;
રહું તેમ આનંદથી, ત્યજી સ્થાન અભિમાન. ૭૦.

એક સ્થાને સર્વથા, રહે સર્પ ના જેમ,
ફરે ન સાથે બેય પણ, રે'વું સાવધ તેમ. ૭૧.

જાણે લોકો ના કદિ, તેમ વર્તવું જાણ;
નહિ તો જન આવી કરે, નિત્ય ઉપદ્રવ માન. ૭૨.

સાથે બે જણના રહે, ફરે નિઃશબ્દ તેમ,
એકલા જ સાવધ સદા, સર્પ યોગિવર જેમ. ૭૩.

ફાવે તેના ઘર મહીં, રહે મોજથી જાણ;
ના બાંધે ઘર સર્વથા, રહે ગુહામાં માન. ૭૪.

પ્રગટપણે વિચરે નહીં, લહે પ્રમાદ ન તેમ;
નિષ્કારણ પોતે થઈ, કરે કોપ ના એમ. ૭૫.

તેમ મુમુક્ષુએ સદા, રહેવું સાવધ જાણ;
બે જણાએ એકઠા, રહેવું ફરવું ન માન. ૭૬.

કરવો ક્રોધ ન કોઈ પર, પ્રમિત[4] બોલવું તેમ;
વિતંડવાદે[5] કોઈ સહ, પડવું વ્યર્થ ન એમ. ૭૭.

સદા વિચારી વર્તવું;, મઠાશ્રમાદિક જાણ
ના બાંધી રહેવું સદા, સિદ્ધસ્થાનમાં માન. ૭૮.

મ્યુઝીક

પર્ણકુટી પણ બાંધતા, વધે અહંતા તેમ;
પડે મોહમાં આખરે, વધતાં મમતા એમ. ૭૯.

ગુણ પોતાના જાણવા, ના દેવા કદિ જાણ;
કરી સભાદિક ભાષણો, કરવાં તેમ ન માન. ૮૦.

ઈશધ્યાનમાં સર્વથા, રહેવું સુમગ્ન તેમ;
જાણી નશ્વર દેહ હા, કરવું સાર્થક એમ. ૮૧.

## (૨૨) બાણ કરનાર :-એકાગ્રમય ભક્તિ

સાધી આસન શ્વાસજય, કરી ખંતથી જાણ,
કરે વૃત્તિ એકાગ્ર જો, તો જ થાય એ ધ્યાન. ૮૨.

શીખ્યો એ શરકારથી[6], જાણ ભૂપતિ એમ;
ગુરુ બાવીસમો એ નકી, સુણ વૃત્ત[7] એ તેમ. ૮૩.



૧. પરણવાને લાયક ૨. ડાહી ૩. અવાજ ૪. પ્રમાણસર ૫. ખોટી શુષ્ક ચર્ચામાં ૬. બાણ કરનારો ૭. હકીકત

ચિત્ત એહનું બાણમાં, આસન નિશ્ચલ જાણ;
મંડ્યો નિજ કાર્યે અહા, રહે ન બીજું ભાન! ૮૪.

શર ઉપર શર વેગથી, કરે તૈયાર તેમ;
ઊંચી આંખ કરે નહીં, ધન્ય શરકાર એમ! ૮૫.

જાય નૃપસ્વારી તિહાં, માર્ગે ધમધોકાર;
વાગે વાદ્યો જોરથી, લહે ન એ નિર્ધાર! ૮૬.

નૃત્ય ગીત જયકારનો, થાએ શોર મહાન!
તો એ વૃત્તિ ના ખસે, એની બીજે જાણ!! ૮૭.

પૂછયું કોઈએ પછીઃ-, કેમ આજ શરકાર
દીઠી સ્વારી? એ કહેઃ-, હું તો શર તૈયાર. ૮૮.

મ્યુઝીક

કરવામાં મંડ્યો હતોઃ-, જાણ્યું કાંઈ ન તેમ!
સુણી કરે આશ્ચર્ય એ, જાણે રીતિ ન એમ! ૮૯.

તેમ યોગીએ યત્નથી, સાધી આસન જાણ,
કરી શ્વાસજય, લક્ષ્યમાં, રાખી વૃત્તિ માન. ૯૦.

થતાં ધ્યાનસ્થ અંતરે, દ્વૈત વિસારી એમ;
તદાકાર સ્વરૂપમાં, થાવું નિશ્ચય એમ. ૯૧.

થતાં શ્વાસજય ક્રમ થકી;, થાય મનોજય જાણ
નડે વિઘ્ન ના ધ્યાનમાં;, તોયે દૈવે માન. ૯૨.

ઠરે વૃત્તિ જો ના તિહાં, સગુણ સ્વરૂપે તેમ
કરતાં સુસ્થિર એહને, થાશે સુલીન એમ. ૯૩.

વિષયસ્મરણે ના તથા, થાશે ચલાયમાન;
દૃશ્ય અલૌકિક દેખતાં, જશે બ્હાર ના માન. ૯૪.

ના પડશે નિદ્રા મહીં, થશે સ્વરૂપે લીન,
વધતાં સત્ત્વપ્રકાશ ત્યાં, થશે રજસ્તમ ક્ષીણ. ૯૫.

પડી અગ્નિમાં કાષ્ઠ એ, થાય અગ્નિમય જેમ;
થશે ચિત્ત તન્મય તથા, જાણ ધ્યાનથી એમ. ૯૬.

## (૨૩) ભમરી :-બ્રહ્મધ્યાન

કરે ધ્યાન જે જેહનું, થાએ તન્મય તેહ,
જાણ્યું પેશસ્કારથી[૧];, ગુરુ તેવીસમો એહ. ૯૭.

નિર્મી ઘર માટી તણું, આણી કીટક જાણ,
રાખી એને ત્યાં સુધી, મારે ડંખ પ્રમાણ. ૯૮.

મ્યુઝીક

ભૂલી સ્વરૂપ પૂર્વનું, ચિંતે કીડો એમ
બીકે ભમરીને તથા;, થાએ ભમરી તેમ! ૯૯.

તેમ વર્ણ આશ્રમતણો, ત્યજી પૂર્વ અભિમાન
ધ્યાંતા ઈશ, સ્વયં બને, જીવ ઈશ તું માન. ૧૦૦.

અન્ય જાતિ કીટક અહા!, તોએ ધ્યાને તેમ,
બને સ્વયં ભમરી તથા;, ના અચરજ જો એમ. ૧૦૧.

બ્રહ્મરૂપ જે જીવ તે, કરતાં બ્રહ્મધ્યાન,
બ્રહ્માત્મૈક્યજ્ઞાનથી, થાય બ્રહ્મનિર્વાણ! ૧૦૨.

સ્નેહે દ્વેષે વા ભયે, ધ્યાતાં ઈશ્વર એમ,
બને જીવ ઈશ્વર સ્વયં;, મા શંકા કર તેમ. ૧૦૩.

## (૨૪) કરોળિયો :-અદ્વૈતામૃત જીવન

શીખ્યો એ ભમરી થકી!, ગુરુ ચોવીસમો જાણ
કરી કરોળિયો કર્યું, અદ્વૈતામૃત પાન. ૧૦૪.

કરોળિયો નિજ નાભિથી, નિર્મી તંતુ જેમ
ગૂંથી જાળું એહનું, ક્રીડે એમાં તેમ; ૧૦૫.

સ્વેચ્છાએ ગ્રાસી પુનઃ, નિજ નાભિમાં જાણ
રાખી, સ્વતંત્ર એકલો, ક્રીડે જે સુજાણ; ૧૦૬.

તેમ જાણ ઈશ્વર સ્વયં, ઈચ્છા માત્રે એમ
વિશ્વ ચરાચર આ રચી, ક્રીડે સ્વતંત્ર તેમ. ૧૦૭.

આખર નિજ ઈચ્છા થકી, કરી લીન સહુ જાણ;
રમે નિરામય એકલો, ત્રિગુણાતીત પ્રમાણ! ૧૦૮.

મ્યુઝીક

વિણ સામગ્રીએ રચે, ઈક્ષણમાત્રે એમ;
આખર સંહારે બધું, કાળ શક્તિથી તેમ. ૧૦૯.

આદિ અંતમાં એક એ, વચ્ચે વિશ્વાધાર;
સત્ત્વરજસ્તમ થી કરે, સ્વતંત્ર એમ વિહાર! ૧૧૦.

કર્તા ત્રિગુણ નકી તિહાં, વિભુ અકર્તા જાણ;
ખાઈ ભૂખ્યો સર્વદા, જગન્નાટકી માન!! ૧૧૧.

ભૂતોની જે વાસના, મરે ન પ્રલયે તેમ;
થતાં ફલોન્મુખ એ, વિભુ ઈચ્છે ઉદ્ભવ એમ. ૧૧૨.

મનોરથે એ ગુણમયી, સર્જી માયા જાણ,
નિર્મે વિશ્વ અનુક્રમે, પુનઃ પૂર્વવત્ માન. ૧૧૩.

૧. ભમરી

પાળે સંહારે તથા, વિના પ્રયત્ને તેમ;
કેવળ સંકલ્પે કરી, લીલા એની એમ. ૧૧૪.

માટે બંધ ન એહને, અજ અક્ષય એ જાણ;
વ્યાપક આત્મા એક એ, સચ્ચિત્સુખ તું માન. ૧૧૫.

માયિક વિશ્વ બધું નકી, નામરૂપમય એમ;
ન્હોતું મૂળે, ના હશે, ભાસે વચ્ચે તેમ. ૧૧૬.

આત્મા વ્યાપક બ્રહ્મ એ, ઉપાદાન નિમિત્ત;
એજ બ્રહ્મ હું જાણતાં, ઠર્યું સર્વથા ચિત્ત! ૧૧૭.

કરી ગુરુ ચોવીસ તથા, લીધો સુબોધ એમ;
નિર્વિકલ્પ પરબ્રહ્મ એ, જાણ દુર્જ્ઞેય તેમ. ૧૧૮.

મ્યુઝીક

વિણ વૈરાગ્યે ના ઠસે, બોધ સૂક્ષ્મ એ જાણ;
જાણી એવું દેહને, માની ગુરુ પ્રમાણ. ૧૧૯.

શીખ્યો જે હું તે કહું, સાંભળ ભૂપતિ તેમઃ-
મારો મારો એહને, કહે વ્યર્થ જન એમ! ૧૨૦.

માતપિતાના મેલથી, થયો એહ નિર્માણ;
જાણ અમંગલ, ઊડતાં, લાગે વાર ન માન. ૧૨૧.

કરતાં ધારણ એહને, લજ્જા આવે તેમ;
માટે સૂક્ષ્મ વિચારથી, થાવું સાવધ એમ. ૧૨૨.

ભાડાની ગાડી સમો, માની એને જાણ,
આપી પરિમિત અન્ન ને, કરવું સાધન માન. ૧૨૩.

ઈશપ્રાપ્તિનું તથા;, નહિતો આખર એમ,
પશ્ચાતાપે અંતરે, થશે ખાખ નર તેમ! ૧૨૪.

લાખ પ્રયત્ને રક્ષતાં, પડે આખરે એહ;
રાખી પાછળ વાસના, વૃક્ષબીજવત્ તેહ. ૧૨૫.

રાખી કાયમ બીજને, મરે ઉદ્ભિજ્જો જાણ;
થાય વૃક્ષ ફરી બીજનાં, તેમ દેહ પણ માન. ૧૨૬.

વિવિધ કર્મની વાસના, થઈ ફલોન્મુખ તેમ,
કરે દેહ નિર્માણ આ, ફરી ફરીથી એમ. ૧૨૭.

ત્રિવિધ તાપનું મૂળ એ, જાણી ભૂપ સુજાણ;
વર્તુ નિશ્ચલ માનસે, ત્યજી દેહ અભિમાન. ૧૨૮.

મ્યુઝીક

જ્ઞાનાગ્નિથી વાસના, બીજ બાળીને એમ;
સોંપી તનુ પ્રારબ્ધને, રહું નિઃશંક તેમ; ૧૨૯.

મગ્ન સદા સ્વાનંદમાં, કેવળ નિર્ભય જાણ;
જોઈ સ્વાત્મા સર્વમાં, સર્વ સ્વાત્મમાં માન!! ૧૩૦.

સુણી જ્ઞાન અગાધ આ, સાવધાન યદુ તેમ
થઈ નિજાંતરમાં કહેઃ-, નકી દત્ત આ એમ. ૧૩૧.

ઈષ્ટદેવ મારા અહા!, જાણી એમ સુજાણ,
દંભાદિક ત્યાગી કરે, વંદન ભાવે માન. ૧૩૨.

થયો ધ્વંસ અજ્ઞાનનો, રહ્યું દ્વૈત ના ક્યાંય;
કહેઃ- પ્રભો! પાવન થયો, ઈચ્છું કાંઈ ન ત્યાંય! ૧૩૩.

વ્યાપ્યો તું સચરાચરે, જાણી નિશ્ચય એમ,
વિશ્વરૂપ આ તાહરૂં, અર્ચું ભાવે તેમ!! ૧૩૪.

એમ કહી વંદન કરે, વારંવાર સુજાણ;
મુકી વરદ કર મસ્તકે, થાય ગુપ્ત પ્રભુ માન! ૧૩૫.

★★★★★

## ચોવીસગુરુ (અધ્યાય ૫૨-૫૫)

શ્રીમદ્ ભાગવતમાં પણ ચોવીસ ગુરુનો ઉલ્લેખ અવધૂત-યદુ સંવાદરૂપે આવે છે. પ.પૂ. વાસુદેવાનંદ સ્વામી મહારાજે પણ રમામાતાને ગૃહત્યાગ વખતે આ સંવાદ ઉપદેશરૂપે કહ્યો હતો.

પિતા યયાતિની વૃધ્ધાવસ્થા સ્વીકારવાની ના પાડનાર યદુને ઉપદેશ આપવા માટે શ્રીદત્તે સુપાત્ર કેમ ગણ્યો હશે ? કારણ કે યુવાનીમાં ભગવત્ ભજન કરવાની શાસ્ત્રતા તેણે પાળી અને પિતાની અવ્યવહારૂ અને ભૌતિક સુખ માટેની આજ્ઞા ન પાળી. શ્રીકૃષ્ણે પણ જન્મ લેવા યદુવંશ જ પસંદ કર્યો ?

પરમાર્થાર્થે એક જ ગુરુ નિશ્ચયે હોવા જોઈએ, પણ ગુરુ જે ઉપદેશ આપે તેમાં શંકા થાય તો તેનું નિવારણ કરવા વિવેક-બુદ્ધિનો ઉપયોગ કરી સંશય દૂર કરવા ઉપાય કરવો જોઈએ. તે માટે શોધકબુદ્ધિનો ઉપયોગ દષ્ટાંતાંતર પદાર્થ દ્વારા દ્વૈત દાખલાનો ઉપયોગ કરવો એ વ્યભિચાર ન કહેવાય. એ મત મુજબ શ્રીદત્તે ચોવીસ ગુરુ કર્યા. શ્રી દત્ત પોતે સંપૂર્ણ જ્ઞાની હોવા છતાં ૨૪+૧ (દેહ) = પચ્ચીસ ગુરુની વાત કરીને આપણને બોધ આપે છે.

દરેક પાસેથી સારતત્ત્વ ગ્રહણ કરવું.

જ્યાં અનેક ગુણ હોય ત્યાં એક દોષ પણ હોય અને અને દોષ હોય ત્યાં એક ગુણ હોય. દરેક પૂનમ ઉજળી પણ એક પૂનમ હોળી સળગાવે દરેક અમાસ કાળી પણ એક અમાસ દીવાળી લાવે. ચંદ્ર શીતળ છે, ૧૫ કળાવાળો છે. છતાં તેમાં કલંક છે જ્યારે વિષ ઝેરી, ઘાતક હોવા છતાં સોમલની એક ચમચી દવારૂપે જીવ બચાવે છે.

આમ દુનિયામાં સંપૂર્ણ નિર્દોષ કે સંપૂર્ણ દોષિત કોઈ વસ્તુ નથી.

દુર્ગુણના ભંડારમાં એકાદ સદ્ગુણ અને સદ્ગુણના ભંડારમાં એકાદ દુર્ગુણ છુપાયેલો હોય છે.

આ દુનિયામાં કોઈપણ સર્વજ્ઞ નથી, જેથી બધા સદ્ગુણ એક જ વ્યક્તિમાંથી મળે તે સંભવ નથી. ત્યારે જુદી જુદી જગ્યાએથી સદ્ગુણ એકઠા કરી જીવનમાં ઉતારવા જોઈએ. જેથી આપણે પરિપૂર્ણ બની શકીએ.

શ્રીદત્તે વેશ્યા, કપોત, હાથી, હરણ જેવાનો પણ ગુરુ કર્યા છે.

સાર ગ્રહણ કરવા શોધકબુદ્ધિથી ગુરુ અનેક કરવામાં વાંધો નહીં.